MANOGAT • Year 40 • Issue 16 • 25 November 2021 • Kartak Vad 7, Samvat 2078 • Yugabd 5123 • Price : Rs. 5/- • Pages : 28






# મનોગત



# પ્રદેશ કારોબારી





Year : 40, Issue : 16, Pages : 28



**તંત્રીસ્થાનેથી**

# સમરસ ગ્રામ પંચાયત - વિકાસ માટેની દીવાદાંડી

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

ગ્રામ પંચાયતોની ચૂંટણી માટેની તારીખો જાહેર થઈ ગઈ છે. આ સંદર્ભે મારે નીચેની બાબતો આપ સૌના ધ્યાને મુકવી છે.

(૧) મહત્તમ પંચાયતો સમરસ પંચાયતો જાહેર થાય તેવા પ્રયત્નો આપણે સૌએ કરવા જોઈએ.

(૨) સમરસ જાહેર થવાથી થતા વિકાસ કાર્યોના કારણે આપણાં ગામને થતા ફાયદા સૌ ગ્રામજનોને ધ્યાને તો મુકવા જોઈએ જ સાથે - સાથે ચૂંટણી વિના બનતી પંચાયતના કારણે ગામના સહૃદયતાભર્યા વાતાવરણનું મહત્વ પણ બધાને સમજાવવું જોઈએ.

(૩) પક્ષા-પક્ષીથી ઉપર ઊઠીને વિકાસની શ્રૃંખલા તૈયાર થાય તે પ્રકારે પંચાયતનું ગઠન મહત્ત્વનુ છે તે સૌને સમજાવવુ જોઈએ.

(૪) ગામ હોય ત્યાં ક્યારેક ના સમજનારા લોકો પણ હોવાના જ તેમને સમજાવવાનો મહત્તમ પ્રયાસ આપણે કરવો જોઈએ. ગામ પોતે પણ આવા વ્યક્તિઓ પ્રત્યે સાચી રીતે સમજ ઊભી કરીને ગામને 'સમરસ' બનાવે તેવો સામુહિક પ્રયાસ મારી દૃષ્ટિએ અભિનંદનીય બાબત લેખાશે.

(૫) પંચાયતની ચૂંટણી ગામ કે પક્ષમાં કોઈ ખટરાગ પેદા ન કરે તે માટે સમજપૂર્વકના ભાતૃભાવની ભાવનાવાળી અને વિકાસકેન્દ્રી બની રહે તે જોવાની સૌની ફરજ છે.

આવો, આ તબક્કે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા પંચાયતોમાં આપણા દ્વારા કરાયેલા અભૂતપૂર્વ અને અદ્વિતીય વિકાસ કાર્યોને પ્રજા સુધી પહોંચાડી આપણા ગામને દેશના વિકાસપથ પર જોડવા કટિબદ્ધ બનીએ.

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ

પત્રવ્યવહાર કાર્યાલય
**મનોગત પાક્ષિક**
ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ
દીનદયાળ ભવન, જે. પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨
E-mail : manogat.1980@gmail.com

તંત્રી મુદ્રક પ્રકાશક
સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલ ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી ગુજરાત ઑફસેટ પ્રા. લિ., 'ઑફસેટ હાઉસ' સ્ટેશન રોડ, વટવા, અમદાવાદ-૩૮૨ ૪૪૦ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧થી પ્રગટ કર્યું.

**Editor : Printer : Publishers :**
**Surendrabhai Motilal Patel** on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at **Gujarat Offset Pvt. Ltd.,** 'Offset House', Station Road, Vatva, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J. P. Chowk, Khanpur, Ahmedabad-380001



# પ્રદેશ કારોબારી




## પ્રદેશ કારોબારીમાં પદ્મ એવોર્ડથી સન્માનિત થયેલા મહાનુભાવોને સન્માનિત કરવામાં આવ્યા છે તે એક ઐતિહાસિક બાબત છે અને ભાજપના કાર્યકર્તા તરીકે આપણા માટે ગૌરવની વાત છે – શ્રી સી. આર. પાટીલ

તારીખ ૧૭-૧૧-૨૦૨૧ના રોજ ગાંધીનગર પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ્" ખાતે પ્રદેશ કારોબારી બેઠક પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલ સાહેબની અધ્યક્ષતામાં યોજાઈ હતી. આ પ્રદેશ કારોબારી બેઠકની શરૂઆત દીપ પ્રાગટ્ય અને વંદે માતરમ્‌ના ગાનથી શરૂ કરવામાં આવી હતી. ત્યાર બાદ પદ્મ એવોર્ડથી સન્માનિત થયેલા મહાનુભાવોને ભાજપ ગુજરાત પ્રદેશના નેતૃત્વ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા, જેમાં સ્વ. શ્રી કેશુભાઈ પટેલ, સ્વ. શ્રી મહેશભાઈ અને નરેશભાઈ કનોડિયા, શ્રી શાહબુદ્દીનભાઈ રાઠોડ, શ્રીમતી સરિતાબેન જોષી, શ્રી દાદુદાન ગઢવી (કવિ દાદ), શ્રી યજદી કરંજિયા, શ્રી ગુરદીપસિંહ અને શ્રી ડૉ. ચંદ્રકાન્ત મહેતાને પ્રદેશના નેતૃત્વ દ્વારા શાલ, પુષ્પગુચ્છ, બુક આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

કારોબારી બેઠકમાં પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલે સ્વાગત સંબોધન કરતાં સૌને દિવાળીની શુભકામના પાઠવતાં જણાવ્યું કે ભાજપની પ્રદેશ કારોબારીમાં પદ્મ એવોર્ડથી સન્માનિત થયેલા મહાનુભાવાને આજે સન્માનિત કરવામાં આવ્યા છે તે આપણા માટે ગૌરવની વાત છે. કોંગ્રેસના સમયમાં આવા એવોર્ડ ઘણા લોકોને મળ્યા પણ પાર્ટી દ્વારા તેમનું સન્માન થયું નથી, કોંગ્રેસની કોઈ કાર્યકારિણીમાં તેમનું સન્માન થયું હોય તેવો કોઈ દાખલો નથી અને કોંગ્રેસના સમયે કોઈ ચોક્કસ લોકોને જ પદ્મશ્રી એવોર્ડ મળતા હતા પરંતુ આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ વડાપ્રધાન બન્યા પછી આપણા દેશના જે લોકો વિશિષ્ટ કામગીરી કરે છે તેવા લોકોને પદ્મશ્રી એવોર્ડ માટે પસંદગી કરી છે ત્યારે દેશના લોકો પણ આશ્ચર્ય પામે છે અને યોગ્ય વ્યક્તિને એવોર્ડ મળે છે.

શ્રી પાટીલે બેઠકમાં પેજ કમિટી અંગે જણાવ્યું કે આપણી પેજી કમિટીના કાર્યોથી પ્રોત્સાહિત થઈ અન્ય રાજયોમાં પણ ભાજપ દ્વારા પેજ કમિટીનું કાર્ય હાથ ધરવામાં આવ્યું છે સાથે ગુજરાતભરમાં ૩૦મી નવેમ્બર સુધીમાં પેજ કમિટીનું કામ પૂરું થાય તે રીતે હાકલ કરી. પેજ કમિટી આવનાર ચૂંટણીમાં કેવી રીતે પક્ષને ઉપયોગી નીવડશે તે અંગે માહિતી આપી હતી.

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાનો લાભ જે તે લાભાર્થીને અપાવવા ખાસ વિનંતી કરી હતી. શ્રી પાટીલે વધુમાં જણાવ્યું કે દરેક કાર્યકરે પોતે ચૂંટણી લડવાની છે તેમ માનીને તૈયારીઓ શરૂ કરે.

શ્રી પાટીલે જણાવ્યું કે ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો પેજ સમિતિના સદસ્યો બનાવવા લોકોના ઘરે ઘરે જાય તો તેમને આવકાર મળે છે, પરંતુ કોંગ્રેસના કાર્યકરો જ્યારે પ્રજા વચ્ચે જાય છે તો તેમને જાકારો મળે છે. શ્રી પાટીલે જણાવ્યું કે આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની પ્રજાલક્ષી નીતિઓને કારણે જ લોકો મત આપે છે અને વધુમાં વધુ લોકો પેજ સમિતિના સભ્યો બનવા ઇચ્છે છે.

## સંગઠનમાં ગુજરાત પ્રદેશ નંબર વન છે અને વર્ષ ૨૦૭૦ સુધી નંબર વન રહેવાનું છે

**– મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ**

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ કારોબારીમાં સંબોધતાં રાજ્યના લોકલાડીલા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે આજે આઝાદીનાં ૭૫ વર્ષે પણ વડાપ્રધાનશ્રીએ જે કાર્યક્રમો અને અભિયાન જેવાં કે સ્વચ્છતા અભિયાન, શૌચાલય, ઘરનું ઘર, દરેક ઘરમાં વીજળી જેવી પ્રાથમિક સુવિધાના કાર્યક્રમો અને યોજનાઓ બનાવવી પડી છે. પ્રાથમિક સુવિધાના અભાવ સાથે દેશે આગળ વધવું પડ્યું હતું. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ



પ્રાથમિક સુવિધાઓને પરિપૂર્ણ કરવા માટે ૨૦૧૪થી બધા અભિયાન ઉપાડ્યાં છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તેમના નિખાલસ અંદાજમાં જણાવ્યું કે આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના એક આહ્‌વાનથી જ્ઞાતિ જાતિ ધર્મ ભૂલીને સમગ્ર દેશ આગળ વધી રહ્યો છે, સમગ્ર દેશ દેશને આગળ વધારવા નમ્ર પ્રયાસ કરી રહ્યો છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે હમણાં જ તાજેતરમાં યોજાયેલ ક્લાયમેટ ચેન્જ સમિટમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારત દેશનો વર્ષ ૨૦૭૦ સુધીનો નેટ ઝીરો કાર્બન ન્યુટ્રાલીટીનો જે લક્ષ્યાંક આપ્યો છે તે સંદર્ભે વાત કરતાં જણાવ્યું કે વડાપ્રધાનશ્રી એ ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓને ૨૦૭૦ સુધીનો લક્ષ્યાંક આપી દીધો છે, હવે ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તા તરીકે આપણી સૌની સામૂહિક જવાબદારી છે કે આપણે ૨૦૭૦ સુધીના લક્ષ્યાંકને પરિપૂર્ણ કરવો જઈએ. સંગઠનમાં ગુજરાત પ્રદેશ નંબર વન છે અને વર્ષ ૨૦૭૦ સુધી નંબર વન રહેવાનું છે તેમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સૌને જણાવ્યું હતું.



ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ કારોબારી ૨૦૨૧ અંતર્ગત **પ્રદેશ મહામંત્રી શ્રી રજનીભાઈ પટેલે આગામી સમયમાં પક્ષ દ્વારા યોજનાર મહત્ત્વપૂર્ણ કાર્યક્રમ “હર ઘર દસ્તક” બાબતે કારોબારીને માહિતી આપી હતી.** આ કાર્યક્રમ અંતર્ગત પહેલી ડિસેમ્બરથી સમગ્ર રાજ્યમાં ભારતીય જનતા પાર્ટીના બુથ સમિતિના કાર્યકર્તા તેમજ પેજ સમિતિના કાર્યકર્તા દરેક ઘરની મુલાકાત લઈ અને વેક્સિનેશનની પ્રક્રિયાની માહિતી મેળવશે, તેમજ જેમનું વેક્સિનેશન હજુ સુધી બાકી છે તેમને તંત્ર સાથે રહીને સુપેરે પૂરી પાડશે. આમ ભારતીય જનતા પાર્ટીનો દરેક કાર્યકર દરેક ઘરની મુલાકાત લઈ રાજ્યના નાગરિકોની સારસંભાળ લેશે, તેમની તબિયત વિશે જાણકારી મેળવશે અને તેમના વેક્સિનને લઈને કોઈ પણ પ્રશ્નોનો તેનો નિકાલ કરવામાં આવશે.

“હર ઘર દસ્તક” અભિયાન અને કોરોના વેક્સિન વિશે વધુ માહિતી આપતાં મહામંત્રીશ્રી રજનીભાઈ પટેલે જણાવ્યું કે સમગ્ર રાજ્યમાં ૯૨% થી વધુ નાગરિકોને વેક્સિનનો પ્રથમ ડોઝ અપાઈ ચૂક્યો છે અને ૬૧% જેટલા નાગરિકોને વેક્સિનનો બીજો ડોઝ પણ અપાઈ ચૂકયો છે આમ જોવા જઈએ તો સરેરાશ ૭૭ ટકા જેટલા નાગરિકોને વેક્સિનેશન અપાઈ ચૂકી છે. રાજ્યના ૮ મહાનગર પૈકી ૬ મહાનગરોમાં વેક્સિનેશનની સો ટકા કામગીરી પૂર્ણ થયેલ છે અને કર્ણાવતી મહાનગર તેમજ જામનગર મહાનગરમાં પણ નજીકના સમયમાં કામગીરી પૂર્ણ કરવામાં આવશે. સમગ્ર રાજ્યનાં ૧૬૦૦૦ ગામડાંઓમાં ૧૦૦%



વેક્સિનેશનનું કાર્ય પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. સેવા હી સંગઠન અભિયાન અંતર્ગત ભારતીય જનતા પાર્ટીના દરેકે દરેક કાર્યકર્તાએ પોતાના જીવના જોખમે પ્રજા વચ્ચે જઈને ખડા પગે સેવા કરીને પ્રજાના જીવને બચાવવાનું ભગીરથ કાર્ય કર્યું છે અને માનનીય રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જે. પી. નડ્ડાજીના માર્ગદર્શનમાં ભારતીય જનતા પાર્ટીના સ્વાસ્થ્ય સ્વયંસેવક અભિયાન અંતર્ગત સમગ્ર દેશમાં ૧૦.૫૦ લાખ જેટલા સ્વયંસેવકો એ પ્રશિક્ષણ પ્રાપ્ત કર્યું છે અને તે અંતર્ગત ગુજરાતમાં ૧.૪૦ લાખ જેટલા સ્વયંસેવકો પ્રશિક્ષિત થયા છે અને ગમે તેવી પરિસ્થિતિને પહોંચી વળવા માટે ભારતીય જનતા પાર્ટીનો કાર્યકર - સ્વયંસેવક સક્ષમ છે. હર ઘર દસ્તક કાર્યક્રમ એ રાષ્ટ્રીય સ્તરથી લઈને રાજ્ય સ્તરના તમામ તાલુકા, જિલ્લા, મહાનગરનાં બુથ સ્તર સુધી વિધાનસભા સહ યોજાવાનો છે. આ કાર્યક્રમ થકી દરેક નાગરિકનો સંપર્ક કરવામાં આવશે અને દરેક નાગરિકના ખબર અંતર પૂછીને વેક્સિનની સો ટકાની કામગીરી દેશમાં પૂર્ણ કરવામાં આવશે તે અંગેની વિસ્તૃત માહિતી સમગ્ર કારોબારીને પ્રદેશ મહામંત્રીશ્રી રજનીભાઈ પટેલે આપી હતી અને અભિયાનને સફળ બનાવવાની હાકલ કરી હતી.

ભારતીય જનતા પાર્ટી પ્રદેશ કારોબારીમાં આગામી કાર્યક્રમો સંદર્ભે વિગત આપતા અનુસૂચિત જાતિ મોરચાના પ્રદેશ અધ્યક્ષશ્રી **ડો પ્રદ્યુમન વાઝાએ ૨૬ નવેમ્બરના રોજ સંવિધાન દિવસ નિમિત્તે સમગ્ર રાજ્યમાં 'સંવિધાન ગૌરવ અભિયાન' અંતર્ગત 'સવિધાન ગૌરવયાત્રા' બાબતે વિગતવાર માર્ગદર્શન આપ્યું** હતું. શ્રી વાઝાએ જણાવ્યું કે ૨૦૧૧માં બંધારણ દિવસ નિમિત્તે આપણા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તે સમયે ગુજરાતના મુખ્ય મંત્રી તરીકેની જવાબદારી અંતર્ગત બંધારણ દિવસ નિમિત્તે હાથી પર બંધારણની પ્રતિકૃતિ મૂકીને બંધારણ યાત્રા કાઢી હતી તે બાબતને ૧૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે તે નિમિતે દશાબ્દી અંતર્ગત સમગ્ર રાજ્યમાં જિલ્લા સ્તરે સંવિધાન ગૌરવ યાત્રાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. ૨૬મી નવેમ્બર ૬ઠ્ઠી ડિસેમ્બર સુધી સમગ્ર રાજ્યમાં સંવિધાન દિવસ નિમિત્તે કાર્યક્રમ યોજાશે.

**પ્રદેશ મહામંત્રીશ્રી વિનોદ ચાવડાએ સવિધાન યાત્રાનો કાર્યક્રમ સમગ્ર રાજ્યમાં અનુસૂચિત જાતિ મોરચા દ્વારા આયોજિત થનાર છે તેમાં જિલ્લા મહાનગરનું સંગઠન જોડાઈને કાર્યક્રમને સફળ બનાવવાની હાકલ કરી હતી.**

ભારતીય જનતા પાર્ટી પ્રદેશ કારોબારીમાં આગામી કાર્યક્રમો બાબતે વિગત આપતાં **પ્રદેશ મંત્રીશ્રી મહેશભાઈ કસવાલાએ 'કમલ પુષ્પ' કાર્યક્રમ બાબતે સૌ ઉપસ્થિત કાર્યકારી સભ્યોને વિગત જણાવી હતી.** આ કાર્યક્રમ અંતર્ગત જનસંઘ સમયથી ભારતીય જનતા પાર્ટીના જે કાર્યકર્તાઓએ પાર્ટીને સિંચન કરીને વટ વૃક્ષ બનાવવામાં જે યોગદાન આવ્યું છે એ વિભૂતિઓનું માર્ગદર્શન અને તેમના જીવનની પ્રેરણા નવી પેઢીને મળે તે માટે ડિજિટલ પ્લેટફોર્મ અંતર્ગત namo app અને narendra modi.in વેબસાઈટ પર આવા સંઘર્ષશીલ કાર્યકર્તાઓના ફોટા, તેમના જીવન ચરિત્ર અને ટૂંકી વિગત તેમના જીવન કવન વિશેની માહિતી, ટૂંકી ફિલ્મ કે તેમનો વિડીયો અપલોડ કરવાનું અભિયાન જિલ્લા સહ હાથ ધરવામાં આવશે. દરેક જિલ્લામાંથી ૫થી લઈને દસ લોકો કે જે જનસંઘ સાથે જોડાયેલા છે જેમણે જનહિત માટે આંદોલનો કર્યા છે, પ્રજાની સેવામાં જોડાયા છે તેવા વરિષ્ઠ લોકોના જીવનચરિત્ર, જીવનકવન, તેમના ફોટા અને વિડિયો પ્રદેશકક્ષાએ મોકલવામાં આવશે અને પ્રદેશ કક્ષાએથી કેન્દ્રકક્ષાએ મોકલવામાં આવશે અને ઓનલાઈન ડિજિટલ માધ્યમો જેવા કે namo app અને narendramodi.in પર તે પ્રકાશિત કરવામાં આવશે. સમગ્ર કાર્યક્રમમાં આપણા વરિષ્ઠ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાનું સતત માર્ગદર્શન સૌને મળતું રહેશે તેમ શ્રી મહેશ કસવાલાએ સમગ્ર કારોબારીને માહિતી આપી હતી.

ભારતીય જનતા પાર્ટી પ્રદેશ કાર્યાલય કારોબારી ૨૦૨૧ અંતર્ગત નિરામય ગુજરાત અભિયાન તેમજ **હર ઘર દસ્તક અભિયાન અંતર્ગત વેક્સિનેશન અભિયાનની માહિતી મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે કારોબારીને આપી હતી.** શ્રી પટેલે જણાવ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતમાં મુખ્યમંત્રી તરીકેના તેમના કાર્યકાળ દરમ્યાન મા કાર્ડ તેમજ મા વાત્સલ્ય કાર્ડ યોજના અમલમાં મૂકી હતી અને અત્યારે દેશમાં લગભગ ૫૦ કરોડ લોકોને આવરી લેતી દસ કરોડ પરિવારોને લાભ આપતી આયુષ્યમાન ભારત યોજના સમગ્ર દેશમાં અમલમાં મૂકી છે. ગુજરાત સરકારે આરોગ્યલક્ષી

તમામ યોજનાઓને સંકલિત કરી લગભગ રાજયના ૮૦ લાખ કુટુંબ એટલે કે આશરે ચાર કરોડથી વધુ લોકોને નિરામય ગુજરાત યોજના હેઠળ આવરી લીધા છે અને તમામ સરકારી આરોગ્યની વ્યવસ્થાઓ અંતર્ગત દર શુક્રવારે બિન ચેપી રોગો જેવા કે હૃદય, કિડની, ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, એમીનીયા જેવા રોગોનું સ્ક્રિનિંગ, નિદાન, સારવાર અને રેફરલ સેવાઓ એક જગ્યાએ ઝડપથી મળે, સારવાર થાય, દવાઓ અપાય, ટેસ્ટિંગ થાય અથવા તો રેફરલ થાય અને ટેલિમેડિસિનના નવતર પ્રયોગો દ્વારા તજજ્ઞોની સેવા નાગરિકોને આપવામાં આવશે. મેડિકલ એસોસિયેશનના નિષ્ણાતો પણ આમાં સેવા આપશે અને એવું કહેવાય છે કે બિન ચેપી રોગોના કારણે બે તૃતીયાંશ જેટલો મૃત્યુદર એ સમગ્ર વિશ્વમાં હોય છે ત્યારે ૨૦૩૦ સુધીમાં આ મૃત્યુદરને ઘટાડવા માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં અને મુખ્ય-મંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સંકલ્પના આધારે નિરામય ગુજરાત અભિયાન ગુજરાતમાં લોન્ચિંગ થયેલ છે. સામૂહિક આરોગ્ય કેન્દ્રો ૫૨, અર્બન હેલ્થ સેન્ટર, પ્રાથમિક સેન્ટર તમામ જગ્યાએ દર શુક્રવારે બિનચેપી રોગોનુ નિદાન કરવામાં આવશે. ડાયાલિસિસ કેન્દ્ર સાથે દર્દીઓને જોડવામાં આવશે, કિડનીના દર્દીઓની સ્ક્રીનીંગ કરવામાં આવશે અને દરેક વ્યક્તિને સ્પર્શે તેવી આ યોજનાની અમલવારી ગુજરાતમાં થવા જઈ રહીછે.

ગુજરાતમાં સરકાર અને સંગઠન સાથે મળીને તાલ મિલાવીને નિરામય ગુજરાત યોજનાને સારી રીતે અમલવારી કરાશે અને હર ઘર દસ્તક યોજના અંતર્ગત ગુજરાતમાં કોરોના સામે રક્ષણ માટે વેક્સિનેશનમાં ૧૦૦ ટકા વેક્સિન લક્ષ્યાંકને પરિપૂર્ણ કરવા માટેની કામગીરી હર ઘર દસ્તક અભિયાન અંતર્ગત હાથ ધરવામાં આવશે.

**પ્રદેશ મહામંત્રી શ્રી ભાર્ગવભાઈ ભટ્ટે આગામી સમયમાં મંડળ સહ યોજાનાર પ્રશિક્ષણ વર્ગ વિશે કારોબારી સભામાં ઉપસ્થિત સૌ સભ્યોને જાણકારી આપી હતી.** શ્રી ભટ્ટે જિલ્લા મહાનગર કક્ષાના ત્રિદિવસીય રહેવાસી પ્રશિક્ષણ વર્ગમાં ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિતિ માટે સૌ જિલ્લા મહાનગર સંગઠનની ટીમને અભિનંદન આપ્યાં હતાં અને જણાવ્યું હતું કે હાલ જ પરિપૂર્ણ થયેલ રાષ્ટ્રીય કારોબારીમાં પણ ગુજરાતે સમગ્ર દેશમાં પ્રશિક્ષણ વર્ગ પૂર્ણ કર્યા છે તે બાબતે ગુજરાત સંગઠનના કાર્યોની નોંધ લેવામાં આવી છે, તેનું તમામ શ્રેય પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલ અને સંગઠન મહામંત્રી શ્રી રત્નાકરજીને જાય છે. મંડળ સહ પ્રશિક્ષણ વર્ગ ૧૫મી ડિસેમ્બરથી શરૂ કરીને ૩૧ ડિસેમ્બર સુધી પરિપૂર્ણ કરવાના રહેશે અપેક્ષિત શ્રેણી મુજબના કાર્યકર્તાઓ બે દિવસીય પ્રશિક્ષણ વર્ગમાં ઉપસ્થિત રહેશે. વકતાશ્રીઓ નક્કી કરેલ વિષય પર માર્ગદર્શન આપશે, પ્રશિક્ષણ આપશે. ૧૮ નવેમ્બરથી ૨૫ નવેમ્બર દરમિયાન પ્રશિક્ષણ સેલ સાથે બેસીને પ્રશિક્ષણ શિબિરનું પ્રારૂપ નક્કી કરવામાં આવશે તેમ શ્રી ભટ્ટે જણાવ્યું હતું અને ઝોન પ્રમાણે ડિસેમ્બરના પ્રથમ અઠવાડિયામાં મંડળમાં જનાર વક્તાશ્રીઓના પ્રશિક્ષણ વર્ગ યોજાશે તેવી માહિતી પ્રદેશ મહામંત્રીશ્રી ભાર્ગવભાઈ ભટ્ટે કારોબારીને આપી હતી.



**હર ઘર દસ્તક અભિયાન થકી ગુજરાત રાજયમાં ડિસેમ્બર મહિનાના અંત સુધીમાં રસીકરણ ૧૦૦ ટકા પૂર્ણ કરવાની હાકલ કરતા પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજી**

શ્રી રત્નાકરજીએ તેમના સંબોધનમાં જણાવ્યું કે, આવનાર દિવસોમાં જે વિશેષ કાર્યક્રમો કરવાના છે તે કરવા માટે માર્ગદર્શન ઉપસ્થિત સભ્યોશ્રીઓને આપ્યું હતું. સરકારના કાર્યક્રમો અને પાર્ટીના કાર્યક્રમો જુદા-જુદા હોય છે પરંતુ સરકાર આપણી છે પાર્ટી પણ આપણી છે માટે સરકારના કાર્યક્રમ પણ આપણા જ છે. ભાજપનો દરેક કાર્યકર સંગઠન સાથે કામ કરે છે. આપણો મૂળ ઉદ્દેશ સમાજના દરેક વ્યક્તિના જીવનમાં પરિવર્તન કરવાનો છે. હર ઘર દસ્તક એ ભારત સરકારનો કાર્યક્રમ ભલે હોય પરંતુ હર ઘર દસ્તક દરેક ભાજપના કાર્યકરનો છે . દરેક બુથ લેવલમાં સક્રિયાતા દાખવા હાકલ કરી હતી. ૧૮ વર્ષથી ઉપરની વ્યક્તિનું વોટર લિસ્ટમાં નામ છે કે નહી અને દરેક લોકો સ્વસ્થ્ય રહે તે માટે પણ દરેક કાર્યકરે ચિંતા કરવી જોઈએ તેમ જણાવ્યું હતું.

શ્રી રત્નાકરજીએ સંબોધનમાં જણાવ્યું કે ગુજરાત પ્રદેશમાં ડિસેમ્બર મહિનામાં ૧૦૦ ટકા રસીકરણ થાય તે માટે આગ્રહ કર્યો. આ કાર્ય સરકાર અને સંગઠન સાથે મળીને કરવા જણાવ્યું હતું. પેજ કમિટીનો દરેક સભ્ય તેના મતદાર સાથે સંપર્કમાં રહે તે ખૂબ જરૂરી છે. પેજ કમિટીના સભ્યોએ કોરોનાની રસીના બંને ડોઝ લીધા છે કે કેમ તે ધ્યાન રાખવા જણાવ્યું. આઝાદીના અમૃત મહોત્સવમાં દરેક વિધાનસભામાં



કોરોનાની રસીનું કામ પૂર્ણ થાય તે લક્ષ રાખવા હાંકલ કરી. શ્રી રત્નાકરજીએ શક્તિકેન્દ્ર અંગે પણ જરૂરી કામ કરવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. શક્તિકેન્દ્રની રચના ઝડપથી કરવા સૂચન કર્યુ હતું. શ્રી રત્નાકરજીએ જણાવ્યું કે કાર્યકરોએ સમજવું જોઈએ કે આપણા કાર્યમાં અને અન્ય રાજકીય પાર્ટીના કાર્યમાં કામ કરવાની પદ્ધતિ કેટલી જુદી છે.

**ભારતીય જનતા પાર્ટી પ્રદેશ કારોબારી ૨૦૨૧ અંતર્ગત પ્રદેશના સહપ્રભારી અને સાંસદશ્રી સુધીર ગુપ્તાજીએ ઉપસ્થિત સૌ કારોબારી સભ્યોને સંબોધતાં જણાવ્યું કે આજે ઇતિહાસમાં પ્રથમ વખત કોઈપણ રાજકીય પક્ષની પ્રદેશ કારોબારીમાં પદ્મ એવોર્ડ મેળવેલ મહાનુભાવોનું સ્વાગત સન્માન કરવામાં આવ્યું છે તે ખરેખર એક ઐતિહાસિક ઘટના છે. શ્રી ગુપ્તાજીએ વધુમાં જણાવ્યું કે આ સૌથી પહેલાં અમુક ચોક્કસ લોકોને જ પદ્મ પુરસ્કાર આપવામાં આવતા હતા પરંતુ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં જે લોકો ખરેખર જમીન સાથે જોડાયેલા છે અને પ્રજા કલ્યાણનાં કાર્યો સાથે જોડાયેલા છે તેમનું ચયન કરીને પદ્મ એવોર્ડ આપવામાં આવે છે.**

શ્રી ગુપ્તાજીએ ગુજરાતના સંગઠનને સર્વશ્રેષ્ઠ ગણાવતાં કહ્યું કે છેલ્લી ૧૨મી તારીખથી તેઓશ્રી સ્નેહમિલન સમારોહમાં વિવિધ જિલ્લાઓમાં ઉપસ્થિત રહ્યા છે અને સ્નેહમિલન સમારોહ અંતર્ગત કાર્યકર્તાઓનો ઉત્સાહ-ઉમંગ જોઈને તે પોતે આશ્ચર્યચકિત થયા છે. શ્રી ગુપ્તાજીએ વધુમાં જણાવ્યું કે રાજકીય ક્ષેત્રની પસંદગી પ્રજાની સેવા કરતાં-કરતાં આપણે પોતાની ઈચ્છા કે અંતરમન દ્વારા કરી હોય તો તેના કાર્યોમાં આપણને એક જુદા જ પ્રકારની આનંદની અનુભૂતિ થાય છે.

શ્રી ગુપ્તાજીએ ભગીરથજીને યાદ કરતાં જણાવ્યું કે તેમના પ્રયાસો થકી જ "માં ગંગાનું" અવતરણ ભારતની ધરતી પર થયું હતું અને આ આવા ભગીરથ પ્રયાસોના કારણે જ અત્યારે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી નવા ભારતની સંકલ્પના અને આત્મનિર્ભર ભારત અભિયાન થકી સમગ્ર વિશ્વનું ધ્યાન આકર્ષિત કરી રહ્યા છે. જેવી રીતે આદિકાળમાં મહારાજાઓને ઈશ્વરના પ્રતિનિધિ માનવામાં આવતા હતા તેવી જ રીતે આજે છેવાડાના માનવી, ગરીબના લોકકલ્યાણના કાર્યો કરનાર પ્રતિનિધિને ભગવાનના પ્રતિનિધિ તરીકે જોવામાં આવી રહ્યા છે. ભારત દેશની સંસ્કૃતિ એ દસ હજાર વર્ષ જૂની સંસ્કૃતિ છે તે સંસ્કૃતિમાં આર્થિક સંપન્નતા, સાંસ્કૃતિક વૈભવ હતો અને વૈભવ પુનઃપ્રાપ્ત કરવા માટે આજે ભારતીય જનતા પાર્ટી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કટિબદ્ધ બની રહી છે. આજે દેશે આટલાં વર્ષોની ગુલામી પછી આઝાદી મેળવીને નવા યુગની શરૂઆત કરી ત્યારે જે વ્યવસ્થાઓ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી બનાવી રહ્યા છે વ્યવસ્થાઓ થકી વિશ્વગુરુના સ્થાને ભારત ચોક્કસ બિરાજશે અને સમગ્ર વિશ્વનું ચોક્કસથી નેતૃત્વ કરશે. શ્રી ગુપ્તાજીએ ઉપસ્થિત સૌ કાર્યકર્તાઓને ઊર્જાપૂર્વક સંબોધન કરીને સૌ કાર્યકર્તાઓમાં એક નવી ઉર્જાનો સંચાર કર્યો હતો. શ્રી ગુપ્તાએ જણાવ્યું કે પક્ષનો પેજ સમિતિનો પ્રમુખએ બુથ સાથે જોડાયેલ છે, બુથનો કાર્યકર્તા એ જિલ્લા પ્રમુખ સાથે જોડાયેલ છે જિલ્લા પ્રમુખ એ પ્રદેશ અધ્યક્ષ સાથે જોડાયેલ છે પ્રદેશ અધ્યક્ષએ રાષ્ટ્રીય અધ્યક્ષ સાથે જોડાયેલ છે અને રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી વડાપ્રધાનશ્રી સાથે જોડાયેલ છે આવી રીતે માત્ર ચાર વ્યક્તિઓ કે પાંચ વ્યક્તિના સંપર્ક થકી આજે દેશમાં વડાપ્રધાનશ્રી નો સંપર્ક થઈ શકે છે એ ભારતીય જનતા પાર્ટીનું મજબૂત સંગઠન છે.

**શ્રી ગુપ્તાએ જણાવ્યું કે આજે નવી એજ્યુકેશન પોલિસી, નવી હેલ્થની નીતિઓ, નવી ઇન્ડસ્ટ્રિયલ પોલિસી અને નવા ઇન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણના કારણે દેશ હરણફાળ ભરી રહ્યો છે. દેશનો અનદાતા આજે આર્થિક રીતે મજબૂત બની રહ્યો છે, તેમની આવક બમણી કરવાના લક્ષ્યાંકો આપણે પાર કરી રહ્યા છીએ. શ્રી ગુપ્તાજીએ એક "વૃદ્ધ મા"નો દાખલો આપીને જણાવ્યું કે કેવી રીતે વડાપ્રધાનશ્રીએ આઝાદીનાં ૭૦ વર્ષ પછી જે પ્રાથમિક સુવિધાઓનો અભાવ હતો તેને ગરીબ વ્યક્તિ સાથે જોડી છે જ્યારે એક વૃદ્ધ માના ઘરે કોઈ સરકારી અધિકારી પહોંચે છે તો તે તેનું પાકું મકાન બતાવે છે તે તેના પરિવારને મળેલ જન ધન ખાતા અને મુદ્રા લોન થકી જે પણ તેની પાસે ઢોરઢાંખરની વ્યવસ્થા હોય છે તેના દૂધથી તેમને ઉજ્જવલા યોજના થકી મળેલ ગેસના ચૂલા પર ચા બનાવીને ઉજાલા યોજના થકી મળેલ એલ ઈડી લેમ્પ ચાલુ કરીને તે ચા પીવડાવવા સક્ષમ બની છે. જે રીતે પ્રાથમિક સુવિધાઓનો અભાવ હતો તે પ્રાથમિક સુવિધાઓ વડાપ્રધાનશ્રીએ સત્રના સુકાન સંભાળ્યા પછી પૂર્ણ કરી છે.**



## પ્રદેશ કારોબારી સમારોપ સત્ર

# ગુજરાતના સીમાવર્તી રાજ્ય જેવાં કે રાજસ્થાન અને મહારાષ્ટ્રના લોકો ગુજરાતમાં પેટ્રોલ લેવા આવે છે પરંતુ કોંગ્રેસ શાસિત રાજ્યોએ પેટ્રોલના ભાવ ઘટાડવાની તસ્દી લીધી નથી - શ્રી સી. આર. પાટીલ

ભારતીય જનતા પાર્ટી પ્રદેશ કારોબારીના સમારોપ સત્રમાં પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલે સૌને સંબોધતાં જણાવ્યું કે આજે સમગ્ર ભારતીય જનતા પાર્ટીએ ગૌરવ લેવાની બાબત છે કે આજે ભારતીય જનતા પાર્ટીના કાર્યાલયમાં જે લોકો સમાજજીવનમાં જોડાયેલા છે અને જેમને પદ્મ એવોર્ડથી નવાજવામાં આવ્યા છે, તેમનાં પાવન પગલાં આજે ભારતીય જનતા પાર્ટીના કાર્યાલયમાં પડ્યાં છે અને તેમનું માન-સન્માન કરવાનો અનેરો અવસર આજે ભાજપના કાર્યકર્તાઓને પ્રાપ્ત થયો છે આ એક ઐતિહાસિક બાબત છે, ભૂતકાળમાં ક્યારેય બન્યું નથી તેમ શ્રી પાટીલે ભારપૂર્વક જણાવ્યું હતું.

શ્રી પાટીલે ઉપસ્થિત સૌ કારોબારીના સભ્યોને સંગઠન સંરચનાનાં તમામ કાર્ય વહેલી તકે પૂર્ણ કરી દેવા હાકલ કરી હતી. પેજ કમિટીની મહત્તા સમજાવતાં કહ્યું કે પેજ કમિટી સભ્ય થકી પેજ જીતી જઈશું, તે થકી બુથ અને બુથ થકી મંડળ જીતી જઈશું, વિધાનસભા જીતી જઈશું અને લોકસભા જીતી જઈશું. પેજ સમિતિ ચૂંટણી જીતવાની જડીબુટ્ટી છે અને ગુજરાત ભાજપાના કાર્યકર્તાઓને જીતવાની ટેવ પડી ગઈ છે. પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલ સાહેબે જણાવ્યું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં ૨૦૦૨માં શરૂ કરેલ વિજયની અશ્વમેધ યાત્રાને રોકવાની કોઈની તાકાત નથી, ભાજપના સંગઠિત કાર્યકર્તાને રોકવાની કોઈની તાકાત નથી. ભાજપાનો કાર્યકર સતત જીતીને પ્રજાની સેવામાં કાર્યરત રહે છે. પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા જે ગરીબલક્ષી કલ્યાણકારી યોજનાઓ લાગુ કરવામાં આવી છે તેનો મહત્તમ લાભ પ્રજાજનો સુધી પહોંચે તે માટે પેજ સમિતિનો દરેક કાર્યકર જન સંપર્ક કરીને યોજનાઓનું ભાથું લઈને લોકો સુધી જાય અને યોજનાની માહિતી આપે અને તે યોજનાઓના લાભો સમાજના દરેક જ્ઞાતિ જાતિના લોકોને અપાવે તેવી હાકલ કરી હતી.

**આત્મનિર્ભર ભારત માટે આત્મનિર્ભર ગુજરાત**

- આત્મનિર્ભર ગ્રામયાત્રા
- વિવિધ વિકાસકામોનાં ખાતમુહૂર્ત - લોકાર્પણ
- ૧૫૭૭ કરોડનાં કામો
- ૧૦૦ રથ
- ૧૦૯૦ જિલ્લા પંચાયત સીટ વિસ્તારમાં ૧૦૬૦૫ ગ્રામોમાં રથ

પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલે કોંગ્રેસ શાસિત રાજ્ય સરકારો પર ટકોર કરતા જણાવ્યું કે વૈશ્વિક ક્રૂડ તેલના ભાવવધારાના કારણે સમગ્ર દેશમાં પેટ્રોલ-ડીઝલના ભાવ વધારવાની આપણને ફરજ પડી હતી પરંતુ સંવેદનશીલ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ એકસાઈઝ ડ્યુટી ઘટાડીને અને ભાજપા શાસિત રાજ્યોના મુખ્યમંત્રીશ્રીઓ એ વેટ ઘટાડીને લોકોને રાહત આપવાની પોતાની ફરજ પૂરી કરી છે. ગુજરાતના સીમાવર્તી રાજ્ય જેવાં કે રાજસ્થાન અને મહારાષ્ટ્રના લોકો ગુજરાતમાં પેટ્રોલ લેવા આવે છે પરંતુ કોંગ્રેસ શાસિત રાજ્યોએ પેટ્રોલના ભાવ ઘટાડવાની તસ્દી લીધી નથી.

સો વર્ષો પહેલાં આવેલ મહામારીના કારણે અને ભૂખમરાના કારણે ખૂબ લોકો મૃત્યુ પામ્યા હતા તેનો અંદાજ જાણીને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કોરોનાકાળમાં ૮૧ કરોડ લોકોને સતત ૧૮ મહિના સુધી નિઃશુલ્ક અનાજ આપીને જનસેવાનું ઉત્તમ ઉદાહરણ વિશ્વ સમક્ષ રજૂ કર્યું છે. એક પણ વ્યક્તિ દેશમાં ભૂખમરાના કારણે મૃત્યુ ન પામે તેની ગંભીર નોંધ લીધી અને તે મુજબનું કાર્ય કર્યું અને વેક્સિન માટે વૈજ્ઞાનિકોને ઉત્સાહિત કરીને આજે ૧૧૩ કરોડ વેક્સિન ડોઝ સમગ્ર દેશમાં અને પાંચ કરોડ લોકોને સમગ્ર ગુજરાત રાજ્યમાં વેક્સિન આપી દેવામાં આવી છે, જેના કારણે દેશમાં કોરોનાંની ત્રીજી લહેરની સંભાવના હતી તે ત્રીજી લહેર હવે આવશે નહીં તેવું પ્રતીત થાય છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ



## માન. શ્રી નરેન્દ્રભાઈ પ્રત્યેની પ્રજાની લાગણી ભાજપ પ્રત્યેના હકારાત્મક મતમાં પરિવર્તિત થાય તેવી સેતુરૂપ ભૂમિકા આપણે ભજવવાની છે
### - શ્રી સી. આર. પાટીલ



- નૂતન વર્ષની સૌને શુભેચ્છાઓ.
- ટેબ્લેટનો ઉપયોગ આવશ્યક - પાર્ટી એ પેપરલેસ કાર્યવાહીની દિશા પકડી છે.
- પ્રદેશ કારોબારીમાં સભ્યપદ ગૌરવરૂપ છે. સાથે-સાથે જવાબદારી અપેક્ષિત છે.
- પદ્મ એવોર્ડ મેળવનારનું સન્માન કોઈ રાજકીય પક્ષે પ્રથમ વખત કર્યું તે ભાજપ માટે ગૌરવરૂપ.
- ચૂંટણી વર્ષ છે. સ્નેહમિલનો ઉત્સાહભેર થઈ રહ્યાં છે. કાર્યકર્તાઓ ઉત્સાહિત છે.
- ચૂંટણીઓ સમયસર જ થશે તેમ છતાં સમય ઓછો છે તેમ માની સૌ કાર્યકરો લોકહિતના કામે લાગી જાય.
- સોમ અને મંગળ - બે જ દિવસ સચિવાલય જવું - બાકીના દિવસો સરકારને કામો કરવા દે.
- ટેકનોલોજીથી વિગતો ખૂબ મળે છે. ઉપયોગ થવો જોઈએ.
- પેઈજ કમિટી - ૫૦ લાખની Data Entry પણ થઈ ગઈ છે. બાકીની ઝડપથી પૂર્ણ કરવાની જવાબદારી સંગઠનની છે.
- કામ કરવામાં ગુરુતાગ્રંથિ નહીં - મદદ કરવાની ભાવના જરૂરી છે.
- દલિત સમાજમાંથી કોઈ પરિવાર આપણા ઘરે આવે - ભોજન કરાવીએ.
- કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓની માહિતી ટેબ્લેટમાં મુકાતી જ રહેશે.
- જન્મ જીત માટે છે. જીતીશ અથવા જીતાડીશ એ નક્કી છે.
- યોજનાઓની માહિતી જરૂરિયાતવાળાને પહોંચાડવાથી - તે વ્યક્તિ આપણી સાથે સાચા અર્થમાં જોડાશે.
- ૧ કરોડ ૧૩ લાખ આપણા પ્રાથમિક સભ્યો છે, જેમાંથી ૭૫ લાખ પેઈજ કમિટી સભ્ય બનશે એટલે સવા બે કરોડથી વધારે મતો આપણને મળશે, જેને કારણે આપણે બધી સીટો ૫૦,૦૦૦ કરતાં વધારે મતોથી જીતાશે.
- માન. શ્રી નરેન્દ્રભાઈ પ્રત્યેની પ્રજાની લાગણી ભાજપ પ્રત્યેના હકારાત્મક મતમાં પરિવર્તિત થાય તેવી સેતુરૂપ ભૂમિકા આપણે ભજવવાની છે.
- ૧ જિલ્લો-૧ દિવસ કાર્યક્રમ શરૂ કરવાનો છું. જિલ્લાના તમામ હોદ્દેદારો, કાર્યકર્તા, પરિવારક્ષેત્ર તમામને મળવાનું છે. તમામ કાર્યકર્તાની વાત સાંભળીશું.
- રખડતી ગાય - ભિક્ષુકોનો ત્રાસ ઓછો થયો હશે. વિદેશીઓ આવા અપપ્રચારથી દેશની આબરૂ બગાડે છે. રોજડાંઓમાં પણ સરકાર કાર્યવાહી કરી રહી છે.
- વિકાસકામો માટે સરકાર ગતિશીલ છે. ૯૩% ખાડાઓ પુરાઈ ગયા છે.
- સૌને અભિનંદન.

મોદીએ ૨૭ લાખ કરોડ રૂપિયાનું આત્મનિર્ભર પેકેજ આપીને દેશને કોરોનાના કપરા કાળમાંથી ઉગારવાનું ભગીરથ કાર્ય હાથ ધર્યું હતું. પીએમ કેયર ફંડમાંથી ૩૦૨ કરોડ રૂપિયાના અનુદાન થકી દેશની પંદરસો જેટલી સરકારી હોસ્પિટલોમાં હવામાંથી ઓક્સિજન બનાવવાના પ્લાન્ટ આપવામાં આવ્યા છે, અને તેમના એક આહ્વાનથી સામાજિક સંસ્થાઓ, કોર્પોરેટ કંપનીઓએ પોતાના સી એસ આર ફંડમાંથી ખાનગી હોસ્પિટલોમાં પણ ઓક્સિજન પ્લાન્ટ ઊભા કર્યા છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ વિશ્વના સૌથી લોકપ્રિય નેતા છે તે બધા વૈશ્વિક સર્વેમાં બહાર આવ્યું છે.વિશ્વમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી એક જ એવા રાષ્ટ્રપ્રમુખ છે કે જેમના પર ૩૫૩ થી વધારે પુસ્તકો લખાયાં છે.

શ્રી પાટીલે જણાવ્યું કે ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તા તરીકે આપણને લોકોની અપેક્ષા પૂર્ણ કરવાની જે તક પાર્ટીએ આપી છે તેનાથી આપણે સંતોષ અનુભવીએ અને પ્રજાસેવામાં સતત જોતરાયેલા રહીએ. પ્રજાજનોનાં કાર્ય કરીને આપણને સંતોષ થાય અને તે સંતોષ અને સન્માન એ જ આપણી સૌથી મોટી મૂડી છે તેમ શ્રી પાટીલે કાર્યકર્તાઓને જણાવ્યું હતું.

**પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલ સાથે ડિજિટલ માધ્યમથી જોડાવા માટે www.crpatil.com વેબસાઈટનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું.**



# કોંગ્રેસના જ એક સિનિયર આગેવાને તેમના પુસ્તકમાં હિન્દુ ધર્મને બોકોહરામ અને ISIS સંગઠન સાથે સરખાવી સમગ્ર હિન્દુ સમાજની ભાવનાને ઠેસ પહોંચાડી છે. ભાજપાની આ પ્રદેશ કારોબારી કોંગ્રેસની આ હિન્દુ વિરોધી માનસિકતાને સખત શબ્દોમાં વખોડે છે

ભૂતકાળમાં ૧૧૦ કરોડ લોકોને રસીકરણ કરવામાં વર્ષો લાગતાં હતાં જયારે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના દૃઢ અને મજબૂત નેતૃત્વ હેઠળ, ભારતે માત્ર ૨૭૮ દિવસમાં (કુલ ૪૧ લાખ માનવ-દિવસ કામ કરીને) ૧૧૦ કરોડ રસીકરણનું સીમાચિહ્ન પાર કર્યું છે. આ સિદ્ધિ ભારતની છે, ભારતના દરેક નાગરિકની છે. આપણા રસીકરણ અભિયાને વિશ્વને ટીમ ઇન્ડિયાની શક્તિ બતાવી છે. તે જ સમયે, "વસુધૈવ કુટુંબકમ્" અને "સર્વે ભવન્તુ સુખિનઃ સર્વે સંતુ નિરામયા"ના ભારતીય દર્શનને અનુસરીને, અમે વિશ્વના ઘણા દેશોને દવાઓથી લઈને રસી સુધીની વિવિધ રીતે સંપૂર્ણ સહાય આપી છે.

ઈતિહાસમાં ક્યારેય આટલા ટૂંકા સમયગાળામાં ભારતે કોઈ પણ મહામારી સામે આવી ઝડપી વ્યવસ્થા ઊભી કરી નથી શક્યા એવી વ્યવસ્થા માનનીય વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી, ત્રણ મહિનાથી ઓછા સમયમાં, આપણે N-95 ફેસ માસ્ક, PPE કિટ, વેન્ટિલેટર, ઑક્સિજન બેડ અને ટેસ્ટિંગમાં આત્મનિર્ભરતા હાંસલ કરી છે. દેશના દરેક જિલ્લા હૉસ્પિટલમાં ઑક્સિજન પ્લાન્ટ લગાવવામાં આવી રહ્યા છે. કુલ રૂ. ૬૪,૦૦૦ કરોડના




રોકાણને અમલમાં મૂકીને ભારતના ૧૩૦ કરોડ નાગરિકોની જીવન સુરક્ષા માટે રક્ષક તરીકે ૨૭ ઓક્ટોબરે "પ્રધાનમંત્રી આયુષ્માન ભારત હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિશન" શરૂ કરવામાં આવ્યું છે. "આયુષ્માન ભારત યોજના"એ દેશના દરેક ગરીબને સ્વાસ્થ્યની ચિંતાઓથી મુક્ત બનાવ્યો છે. દેશમાં "ફિટ ઈન્ડિયા"ને એક જન-આંદોલન બનાવવામાં આવ્યું છે. "જન ઔષધિ યોજના" દ્વારા ગરીબ અને મધ્યમ વર્ગને સસ્તી દવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. અત્યાર સુધીમાં ૭૫,૦૦૦ થી વધુ આરોગ્ય અને સુખાકારી કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યાં છે. દેશમાં અનેક રોગોની રસી આવતાં ઘણાં વર્ષો લાગ્યાં હતાં. કોરોના જેવી વૈશ્વિક મહામારીમાં દેશના વૈજ્ઞાનિકોએ રાત-દિવસ મહેનત કરીને શોધેલી રસીનો વિરોધ કરવાનું દુષ્કૃત્ય વિરોધી પક્ષોએ કરીને દેશના વૈજ્ઞાનિકોનું અને આત્મનિર્ભર ભારત સંકલ્પનું અપમાન કર્યું છે, જેને આ ભાજપની પ્રદેશ કારોબારી વખોડે છે.

સમગ્ર વિશ્વમાં પેટ્રોલ અને ડીઝલના વધતા જતા ભાવોમાંથી ભારતની જનતાને રાહત આપવા માટે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની સંવેદનશીલ સરકારે પેટ્રોલમાં રૂ. ૫ (પાંચ) અને ડીઝલમાં રૂ.૧૦ (દસ)નો ઘટાડો કર્યો છે. કોંગ્રેસ અને અન્ય પક્ષો ગુજરાત સહિત ભાજપ શાસિત રાજયોએ પોતાના રાજ્યનો વેટ ઘટાડીને લોકોને મોટી રાહત આપી દેશની જનતાનાં દિલ જીતી લીધાં, પરંતુ છાસવારે મોંઘવારી મુદ્દે નિવેદન કરનાર અને મગરનાં આંસુ સારનાર કોંગ્રેસ અને અન્ય પક્ષોએ તેમનાં શાસિત રાજયોમાં પેટ્રોલ અને ડીઝલના વેટમાં ઘટાડો કર્યો નથી. જનતા વિરોધી વેટમાં ઘટાડો ન કરનારા આ કૃત્યને પ્રદેશ ભાજપાની આ કારોબારી વખોડે છે.

માનનીય નરેન્દ્રભાઈ મોદીજીનું વિશાલ નેતૃત્વ "વસુધૈવ કુટુંબકમ્"ના વિચારથી ભારતનું માન સમગ્ર વિશ્વમાં વધારી રહ્યા છે ત્યારે કોંગ્રેસ આવનારી રાજયોની ચૂંટણીઓને ધ્યાનમાં રાખી તુષ્ટીકરણની આદત પ્રમાણે હિન્દુત્વ પર આકરા પ્રહાર કરી રહી છે.



કોંગ્રેસના જ એક સિનિયર આગેવાને તેમના પુસ્તકમાં હિન્દુ ધર્મને બોકોહરામ અને ISIS સંગઠન સાથે સરખાવી સમગ્ર હિન્દુ સમાજની ભાવનાને ઠેસ પહોંચાડી છે. ભાજપાની આ પ્રદેશ કારોબારી કોંગ્રેસની આ હિન્દુ વિરોધી માનસિકતાને સખત શબ્દોમાં વખોડે છે.

કોરોનાના સમયગાળા દરમિયાન ગરીબ કલ્યાણ-કોરોનાના પડકાર દરમિયાન પણ આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીનું એક જ ધ્યેય હતું, માત્ર એક જ સંકલ્પ હતો કે, કોઈ ગરીબ કે કોઈ મજૂર ભૂખ્યો ન સૂવે. દરેક જરૂરિયાતમંદ સુધી જરૂરી અનાજ પહોંચાડવા માટે, તેમણે વિશ્વનું સૌથી મોટું રાશન વિતરણ અભિયાન "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" શરૂ કર્યું, જે અંતર્ગત દેશના લગભગ ૮૦ કરોડ લોકોને મફત રાશન સામગ્રી પ્રદાન કરવામાં આવી છે. આ ઉપરાંત પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના હેઠળ મહિલા જન-ધન ખાતાધારકો, દિવ્યાંગો, વિધવાઓ અને વૃદ્ધોને આર્થિક સહાય આપવામાં આવી હતી. આ સાથે મહિલા સ્વ-સહાય જૂથો, શેરી વિક્રેતાઓ અને પરપ્રાંતીય મજૂરોને પણ મદદ કરવામાં આવી હતી. કોરોના સમયગાળા દરમિયાન ગરીબ મહિલાઓને મફત ગેસ સિલિન્ડર પણ આપવામાં આવ્યાં હતાં. કોરોનાથી અનાથ બાળકોની સંભાળ લેવાનું "પીએમ કેર્સ ફોર ચિલ્ડ્રન" અભિયાન હોય કે ગરીબ કલ્યાણ રોજગાર યોજનાનું અમલીકરણ હોય કે પરપ્રાંતીય મજૂરોના કલ્યાણ માટે "એક રાષ્ટ્ર, એક રાશન કાર્ડ" હોય, દરેક અભિયાને સંવેદનશીલતા વધારી છે જેને પ્રદેશ ભાજપાની આ કારોબારી આવકારે છે.

**સફળ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતમાં સુરક્ષા, શાંતિ અને સમૃદ્ધિનું વાતાવરણ સર્જાયું છે. ગૃહમંત્રીશ્રી અમીતભાઈ શાહે કલમ ૩૭૦ હટાવ્યા પછી, જમ્મુ અને કાશ્મીરમાં BDC અને DDCની ચૂંટણીઓ શાંતિપૂર્ણ રહી અને ત્યાંના લોકોએ નિર્ભયપણે લોકશાહીના પર્વમાં તેમની ભાગીદારી આપી. છેલ્લાં બે વર્ષમાં જમ્મુ અને કાશ્મીરમાં ૫૬,૨૬૧ કરોડ રૂપિયાના ૫૪ પ્રોજેક્ટ્ શરૂ કરવામાં આવ્યા. રૂ. ૨૮,૪૦૦ કરોડની ઉદ્યોગ પ્રોત્સાહન યોજના જાન્યુઆરી-૨૦૨૧માં શરૂ કરવામાં આવી. અગાઉ વર્ષ ૨૦૨૦માં જમ્મુ-કાશ્મીર માટે રૂ. ૮૦,૦૦૦ કરોડનું વિશેષ પેકેજ આપવામાં આવ્યું. જમ્મુ અને કાશ્મીરમાં, ૧૦૦ ટકા લોકોને "આયુષ્માન ભારત યોજના" હેઠળ લાવીને તેમની સ્વાસ્થ્યની ચિંતાઓથી મુક્ત કરવામાં આવ્યા છે. જમ્મુ અને કાશ્મીરમાં પણ આતંકવાદી ઘટનાઓમાં ભારે ઘટાડો થયો છે અને આ ઘટનાઓમાં મૃત્યુઆંક પણ નોંધપાત્ર રીતે નીચે આવ્યો છે. વર્ષ ૨૦૦૪ થી ૨૦૧૪ની વચ્ચે જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદી ઘટનાઓમાં ૨,૦૮૧ લોકોનાં મોત થયાં હતાં.જ્યારે વર્ષ ૨૦૧૪ થી સપ્ટેમ્બર -૨૦૨૧ સુધીમાં ૨૩૯ નાગરિકોનાં મૃત્યુ થયાં હતાં. આઝાદી પછી કોંગ્રેસની નીતિને કારણે જે કાશ્મીર સતત સળગતું રહેતું હતું તે કાશ્મીરમાં શાંતિ સ્થાપીને વિકાસની મુખ્ય ધારામાં જોડવાના આ કાર્યને પ્રદેશ ભાજપની આ કારોબારી આવકારે છે.**

કોંગ્રેસની ખેડૂત વિરોધી નીતિને કારણે ભૂતકાળમાં આઝાદીનાં ૭૦ વર્ષમાં ખેડૂતો માટે જે ન થયું તે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં છેલ્લાં ૭ વર્ષમાં કૃષિ અને ખેડૂતો માટે કામ થયું છે. વડાપ્રધાનશ્રીએ એમએસપીમાં દોઢ ગણો વધારો, નાના ખેડૂતો માટે કિસાન ક્રેડિટ કાર્ડની વ્યવસ્થા, સમગ્ર વિશ્વમાં ખાતર પરની સબસિડીમાં વધારો કરવાનું અને ખેડૂતોને આપવાનું પ્રશંસનીય કાર્ય કર્યું. સૌર ઊર્જા સંબંધિત યોજનાઓ, દરેક ખેતર સુધી પાણી પહોંચાડવાની પહેલ, એફપીઓની રચના, આ તમામ પ્રયાસોથી ખેડૂતોની આવક બમણી કરવાની સાર્થક પહેલ થઈ છે. તાજેતરમાં, માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ નવા પાકોની ૩૫ જાતો રાષ્ટ્રને સમર્પિત કરી છે. કિસાન રેલ દેશના ૭૦થી વધુ રેલ માર્ગો પર ચાલી રહી છે. કિસાન સન્માન નિધિ હેઠળ, ૯ હપ્તામાં ૧.૫૩ લાખ કરોડ રૂપિયાથી વધુની સહાય સીધી ખેડૂતોના ખાતામાં ટ્રાન્સફર કરી છે. એનિમલ એમ્બ્યુલન્સને પશુપાલકોના ઘર સુધી લઈ જવા માટે મોદી સરકાર દ્વારા રૂ. ૫૮ હજાર કરોડનો પ્રોજેક્ટ બહાર પાડવામાં આવ્યો છે. ખેડૂતોના હિતમાં લીધેલા આ નિર્ણયોને પ્રદેશ ભાજપાની આ કારોબારી આવકારે છે.

"સેવા હી સંગઠન" - કોરોનાની પ્રથમ અને બીજી લહેર દરમિયાન, આપણા રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જગત પ્રકાશ નડ્ડાજીના નેતૃત્વમાં પાર્ટીના કાર્યકરોએ પોતાના જીવની પણ પરવા



કર્યા વિના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીના ''સેવા હી સંગઠન્''ના મંત્રને ચરિતાર્થ કર્યો.

ગુજરાતમાં પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર. પાટીલજીના નેતૃત્વમાં અલગ અલગ સેવાકીય કાર્યો સાથે ૧૭,૩૩૦ કોવિડ આઇસોલેશન બેડ અને દરરોજ ૬૦ હજાર જેટલાં ટિફિનોનું સેવાકાર્ય પાર્ટીના કાર્યકર્તાઓએ કર્યું છે, રાત-દિવસ એક કરીને લોકોની સેવા કરી તે અજોડ છે. દેશમાં પાર્ટીના લગભગ ૧.૨ મિલિયન કાર્યકરો કોવિડ જાગૃતિ અભિયાન અને રસીકરણ અભિયાનને સમર્થન આપવા માટે રોકાયેલા છે. સ્વાસ્થ્ય સ્વયંસેવક યોજનાના ૧૦ લાખથી વધુ સ્વયંસેવકો જોડાયેલા છે.

**ગુજરાતના મુખ્યમંત્રી તરીકે અને હવે દેશના વડાપ્રધાન તરીકે, ભારતીય શાસનના ઇતિહાસમાં સૌથી લાંબા સમય સુધી સેવા આપનાર ચૂંટાયેલા વડા તરીકે, કાર્ય કરનાર યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજી સામે ૨૦ વર્ષમાં એક પણ ભ્રષ્ટાચારનો આક્ષેપ નથી તેમજ તેમને એક પણ દિવસની રજા કે વેકેશન લીધેલ નથી. સેવા અને સમર્પણના ભાવથી કાર્ય કરેલ છે. ભાજપા માનનીય વડાપ્રધાનશ્રી મોદીજીના જન્મદિવસને સેવા દિવસ તરીકે ઊજવે છે. આ વખતે દેશભરમાં ૨૦ દિવસ માટે "સેવા અને સમર્પણ અભિયાન"ની ઉજવણી કરવામાં આવી હતી. આ અંતર્ગત રસીકરણને વેગ આપવામાં આવ્યો, રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું અને વિનામૂલ્યે રાશનનું વિતરણ કરવા જેવાં વિવિધ સેવાકીય કાર્યો કરવામાં આવ્યાં.**

આસામ, પુડુચેરી, પશ્ચિમ બંગાળ, તમિલનાડુ અને કેરળ એમ પાંચ રાજ્યોમાં યોજાયેલી વિધાન-સભાની ચૂંટણીમાં ભાજપે પ્રશંસનીય પ્રદર્શન કર્યું બિહારમાં, જ્યાં એનડીએ સરકારની રચના થઈ હતી અને ભાજપનો શ્રેષ્ઠ સ્ટ્રાઈક રેટ હતો. પશ્ચિમ બંગાળમાં, ભાજપે ૦૨ થી ૭૭ વિધાનસભા સભ્યોનો પ્રવાસ કર્યો અને રાજ્યની મુખ્ય વિપક્ષી પાર્ટી બની. આસામમાં ફરીથી સંપૂર્ણ બહુમતી સાથે ભારતીય જનતા પાર્ટીની સરકાર બની. તો પુડુચેરીમાં પણ જનતાએ આપણને પૂર્ણ જનાદેશ આપ્યો અને પહેલીવાર એનડીએની સરકાર બની. આ ઉપરાંત ગુજરાતમાં યોજાયેલી પેટાચૂંટણીઓ અને સ્થાનિક સ્વરાજયોની ચૂંટણીઓમાં ૮૫ ટકા કરતાં વધારે બેઠકોથી ભાજપને શાનદાર જીત મળી. ઈતિહાસમાં પ્રથમ વખત ગાંધીનગર મહાનગર પાલિકામાં ભાજપાનો ભવ્ય વિજય થયો. આ ચૂંટણીઓની જીત દર્શાવે છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીની લોકપ્રિયતામાં ઉત્તરોત્તર વધારો થયો છે તેમજ કેન્દ્ર સરકારથી લઈને રાજ્ય સરકાર અને આપણા દ્વારા સંચાલિત સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ સતત લોકોના વિશ્વાસ પર ખરી ઊતરી છે. પેજ સમિતિ સુધીના સશક્ત સંગઠનને કારણે ગુજરાતની અંદર ભાજપાએ તમામ વિરોધીઓને તમામ મોરચે પરાસ્ત કરીને જનતા જનાર્દનના આશીર્વાદ મેળવ્યા છે.

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત વિશ્વમાં સફળતાના નવા આયામો સર્જી રહ્યું છે ત્યારે વિપક્ષ માત્ર અને માત્ર અસીમ નફરતની માનસિકતા સાથે કામ કરી રહ્યો છે. જ્યારે ભારત પોતાના વડાપ્રધાનના નેતૃત્વમાં સ્વદેશી રસીઓ, રસીકરણ અને જનભાગીદારી દ્વારા દેશવાસીઓ માટે એક મજબૂત રક્ષણાત્મક કવચ તૈયાર કરવામાં વ્યસ્ત હતું, ત્યારે વિપક્ષ આ કોરોના મહામારી સામે રસીકરણ અભિયાનને પાટા પરથી ઉતારવાનાં કાવતરાં ઘડીને તેના પ્રચારમાં વ્યસ્ત હતો. ભારતીય જનતા પાર્ટીની આ કાર્યકારી સમિતિ વિપક્ષની બેજવાબદાર અને નબળી માનસિકતાની સખત નિંદા કરે છે.

**સ્વતંત્રતાના અમૃત મહોત્સવનો અર્થ સ્વતંત્રતાની ઊર્જાનું અમૃત છે. તેનો અર્થ એ છે કે સ્વાતંત્ર્ય સંગ્રામના યોદ્ધાઓની પ્રેરણાનું અમૃત, નવા વિચારો અને સંકલ્પનોનું અમૃત તેમજ આત્મનિર્ભરતાનું અમૃત. તા. ૧૨ માર્ચ, ૨૦૨૧થી શરૂ થઈને, આઝાદીનો અમૃત મહોત્સવ તા. ૧૫ ઓગસ્ટ, ૨૦૨૩ સુધી ૭૫ અઠવાડિયાં સુધી દેશભરમાં ઉજવવામાં આવશે. અમૃત મહોત્સવ વર્ષમાં ભારતના ૧૩૫ કરોડ નાગરિકોના ભવિષ્યને ઉન્નત કરવા, દેશના ગરીબોના જીવનમાં પ્રગતિ, સમૃદ્ધિ અને ખુશીઓ લાવવા અને દેશના યુવાનો, પછાત વર્ગ અને યુવાનોના સન્માન અને પ્રગતિ માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં અને ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં સખત મહેનતની પરાકાષ્ઠા સાથે ભારત અને ગુજરાત "ચરૈવેતિ-ચરૈવેતિ"ના સિદ્ધાંતો પર સફળતાની તમામ સીડીઓ પર ચઢીને શ્રેષ્ઠતાના આકાશને સ્પર્શ કરશે.**



## પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનું રાષ્ટ્રને સંબોધન



**હે દેવી, મને એવું વરદાન આપો કે હું ક્યારેય સારાં કાર્યો કરવાથી પાછી પાની ન કરું.મેં ખેડૂતો માટે જે પણ કર્યું, હું જે પણ કરી રહ્યો છું તે દેશ માટે કરી રહ્યો છું.**

નમસ્કાર. મારા વ્હાલા દેશવાસીઓ,

આજે દેવ-દિવાળીનો પવિત્ર તહેવાર છે. આજે ગુરુ નાનક દેવજીના પ્રકાશનો પવિત્ર તહેવાર પણ છે. હું વિશ્વના તમામ લોકોને અને તમામ દેશવાસીઓને આ પવિત્ર તહેવારની હાર્દિક શુભકામનાઓ આપું છું. તે પણ ખૂબ જ સુખદ છે કે દોઢ વર્ષના લાંબા ગાળા બાદ હવે કરતારપુર સાહિબ કોરિડોર ફરી ખૂલ્યો છે.

સાથીઓ, ગુરુ નાનકજીએ કહ્યું છે - 'विच्च दुनिया सेव कमाइए ता दरगाहबैसन पाइए' એટલે કે સંસારમાં સેવાનો માર્ગ અપનાવવાથી જ જીવન સફળ થાય છે. અમારી સરકાર આ સેવાભાવનાથી દેશવાસીઓનું જીવન સરળ બનાવવામાં લાગેલી છે. ન જાણે કેટલી પેઢીઓ સપના સાકાર થતાં જોવા માંગતી હતી, આજે ભારત એ સપનાઓને સાકાર કરવા માટે તમામ પ્રયાસો કરી રહ્યું છે.

સાથીઓ, મારા પાંચ દાયકાના જાહેર જીવનમાં મેં ખેડૂતોની સમસ્યાઓને ખૂબ નજીકથી જોઈ અને અનુભવી છે. તેથી, જ્યારે દેશે મને ૨૦૧૪માં પ્રધાનમંત્રી તરીકે સેવા આપવાની તક આપી ત્યારે અમે કૃષિવિકાસ, ખેડૂત કલ્યાણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી હતી.

સાથીઓ, ઘણા લોકો એ વાતથી અજાણ છે કે દેશના ૧૦૦ ખેડૂતોમાંથી ૮૦ નાના ખેડૂતો છે. તેમની પાસે બે હેક્ટરથી ઓછી જમીન છે. તમે કલ્પના કરી શકો છો કે આ નાના ખેડૂતોની સંખ્યા ૧૦ કરોડથી વધુ છે. જમીનનો આ નાનકડો ટુકડો તેના સમગ્ર જીવનનો આધાર છે. આ તેમનું જીવન છે અને આ નાની જમીનની મદદથી તે પોતાનું અને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. પેઢી દર પેઢી પરિવારોનું વિભાજન આ જમીનને નાની બનાવી રહ્યું છે.

તેથી દેશના નાના ખેડૂતોના પડકારોને પહોંચી વળવા અમે બિયારણ, વીમો, બજાર અને બચત પર સર્વાંગી કામ કર્યું છે. તેમાં સિંચાઈ જેવી સુવિધાઓ પણ ઉમેરી છે. અમે ખેડૂતોને ૨૨ કરોડ સોઈલ હેલ્થ કાર્ડ આપ્યાં છે. અને આ વૈજ્ઞાનિક અભિયાનને કારણે કૃષિ ઉત્પાદનમાં પણ વધારો થયો છે.

મિત્રો, અમે પાક વીમા યોજનાને વધુ અસરકારક બનાવી છે. તેના દાયરામાં વધુ ખેડૂતોને લાવવામાં આવ્યા છે. જૂના નિયમોમાં ફેરફાર કરો જેથી કરીને વધુ ને વધુ ખેડૂતો આપત્તિ સમયે સરળતાથી વળતર મેળવી શકે. તેના કારણે છેલ્લા ચાર વર્ષમાં આપણા ખેડૂત ભાઈ-બહેનોને એક લાખ કરોડ રૂપિયાથી વધુનું વળતર મળ્યું છે. અમે નાના ખેડૂતો અને ખેત કામદારો માટે વીમા અને પેન્શનની સુવિધા પણ લાવ્યા છીએ. નાના ખેડૂતોની જરૂરિયાતો પૂરી કરવા માટે, એક લાખ ૬૨ હજાર કરોડ રૂપિયા તેમના બેંક ખાતામાં સીધા તેમના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા.

મિત્રો, ખેડૂતોને તેમની મહેનતના બદલામાં તેમની ઊપજની યોગ્ય કિંમત મળે તે માટે ઘણાં પગલાં પણ લેવામાં આવ્યાં હતાં. દેશે તેના ગ્રામીણ બજારના માળખાને મજબૂત બનાવ્યું હતું. અમે માત્ર એમએસપીમાં વધારો કર્યો નથી, પરંતુ રેકોર્ડ સરકારી ખરીદી કેન્દ્રો પણ બનાવ્યાં છે. અમારી સરકાર દ્વારા કરવામાં આવતી ઊપજની ખરીદીએ છેલ્લા કેટલાક દાયકાના રેકોર્ડ તોડી નાખ્યા છે. દેશની એક હજારથી વધુ મંડીઓને e-NAM યોજના સાથે જોડીને, અમે ખેડૂતોને તેમની ઉપજ ગમે ત્યાં વેચવા માટે પ્લેટફોર્મ આપ્યું છે. અને તેની સાથે અમે દેશભરમાં કૃષિબજારોના આધુનિકીકરણ પર કરોડો રૂપિયા ખર્ચ્યા છે.

**મિત્રો, આજે કેન્દ્ર સરકારનું કૃષિ બજેટ અગાઉની સરખામણીમાં પાંચ ગણું વધી ગયું છે. દર વર્ષે કૃષિ પાછળ રૂ. ૧.૨૫ લાખ કરોડથી વધુનો ખર્ચ થઈ રહ્યો છે. એક લાખ કરોડ રૂપિયાના એગ્રિકલ્ચર ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ દ્વારા, ગામ અને ખેતરની નજીક સ્ટોરેજ - તેની વ્યવસ્થા, કૃષિસાધનો જેવી અનેક સુવિધાઓનું વિસ્તરણ, આ બધું ઝડપથી થઈ રહ્યું છે.**



નાના ખેડૂતોની શક્તિ વધારવા માટે દસ હજાર એફપીઓ, ખેડૂત ઉત્પાદક સંગઠનો બનાવવાનું અભિયાન પણ ચાલી રહ્યું છે. તેના પર પણ લગભગ સાત હજાર કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. સૂક્ષ્મ સિંચાઈ ભંડોળની ફાળવણી પણ બમણી કરીને દસ હજાર કરોડ રૂપિયા કરવામાં આવી છે. અમે પાક લોન પણ બમણી કરી છે, જે આ વર્ષે રૂ. ૧૬ લાખ કરોડ થશે. હવે માછલીની ખેતી સાથે સંકળાયેલા આપણા ખેડૂતોને પણ કિસાન ક્રેડિટ કાર્ડનો લાભ મળવા લાગ્યો છે. એટલે કે અમારી સરકાર ખેડૂતોના હિતમાં દરેક શક્ય પગલાં લઈ રહી છે, તે સતત એક પછી એક નવા પગલાં લઈ રહી છે. ખેડૂતોની આર્થિક સ્થિતિ સુધારવા, તેમની સામાજિક સ્થિતિ મજબૂત કરવા માટે નિષ્ઠાપૂર્વક કામ કરી રહ્યા છીએ.

સાથીઓ, ખેડૂતોની સ્થિતિ સુધારવાના આ મહા અભિયાનમાં દેશમાં ત્રણ કૃષિ કાયદા લાવવામાં આવ્યા હતા. જેનો ઉદ્દેશ્ય એ હતો કે દેશના ખેડૂતો, ખાસ કરીને નાના ખેડૂતોને વધુ શક્તિ મળે, તેમને તેમના ઉત્પાદનના યોગ્ય ભાવ મળે. અને શક્ય તેટલું ઉત્પાદન વેચો. વિકલ્પો મળ્યા. વર્ષોથી આ માંગ દેશના ખેડૂતો, દેશના કૃષિ તજજ્ઞો, દેશના કૃષિ અર્થશાસ્ત્રીઓ, દેશનાં ખેડૂત સંગઠનો દ્વારા સતત કરવામાં આવી રહી હતી. ભૂતકાળમાં પણ ઘણી સરકારોએ તેના પર મંથન કર્યું હતું. કાયદાઓ લાવવામાં આવ્યા હતા. દેશનાં ખૂણે ખૂણે અનેક ખેડૂત સંગઠનોએ તેને આવકાર્યો છે અને સમર્થન આપ્યું છે. આજે હું તે બધાનો ખૂબ ખૂબ આભારી છું.

સાથીઓ, અમારી સરકાર, ખેડૂતોના કલ્યાણ માટે, ખાસ કરીને નાના ખેડૂતોના કલ્યાણ માટે, દેશના કૃષિજગતના હિતમાં, દેશના હિતમાં, ગામડાના ગરીબોના ઉજજવળ ભવિષ્ય માટે, સંપૂર્ણ ઈમાનદારી સાથે, સંપૂર્ણ ખેડૂતો પ્રત્યે સમર્પણ, આ કાયદો સારા હેતુ સાથે લાવવામાં આવ્યો હતો. પરંતુ આવી પવિત્ર બાબત, બિલકુલ શુદ્ધ, ખેડૂતોના હિતની બાબત છે, અમે અમારા પ્રયત્નો છતાં કેટલાક ખેડૂતોને સમજાવી શક્યા નથી.

ભલે ખેડૂતોનો એક વર્ગ વિરોધ કરી રહ્યો હતો, પરંતુ તેમ છતાં તે અમારા માટે મહત્વપૂર્ણ હતું. કૃષિ અર્થશાસ્ત્રીઓ, વૈજ્ઞાનિકો, પ્રગતિશીલ ખેડૂતોએ પણ તેમને કૃષિ કાયદાઓનું મહત્વ સમજાવવા સખત પ્રયાસ કર્યો. અમે તેમને પૂરી નમ્રતાથી, ખુલ્લા મનથી સમજાવતા રહ્યા. વિવિધ માધ્યમો દ્વારા વ્યક્તિગત અને જૂથની ક્રિયાપ્રતિક્રિયા પણ ચાલુ રહી. અમે ખેડૂતોની દલીલો સમજવામાં કોઈ કસર છોડી નથી.

સરકાર કાયદાની જોગવાઈઓમાં ફેરફાર કરવા સંમત થઈ હતી જેના પર તેમને વાંધો હતો. અમે આ કાયદાઓને બે વર્ષ માટે સ્થગિત કરવાની દરખાસ્ત પણ કરી હતી. આ દરમિયાન મામલો નામદાર સુપ્રીમ કોર્ટમાં પણ ગયો હતો. આ બધી બાબતો દેશની સામે છે, તેથી હું તેના વિશે વધુ વિગતમાં જઈશ નહીં.

મિત્રો, આજે દેશવાસીઓની માફી માંગતી વખતે હું સાચા હૃદયથી અને શુદ્ધ હૃદયથી કહેવા માંગું છું કે કદાચ આપણી તપસ્યામાં કોઈક ઊણપ રહી હશે, જેના કારણે આપણે દીવાના પ્રકાશ જેવું સત્ય ખેડૂતોને સમજાવી શક્યા નથી.

આજે ગુરુ નાનક દેવજીના પ્રકાશનો પવિત્ર તહેવાર છે. આ સમય કોઈને દોષ આપવાનો નથી. આજે હું તમને આખા દેશને જણાવવા આવ્યો છું કે અમે ત્રણેય કૃષિ કાયદાને રદ કરવાનો નિર્ણય લીધો છે. આ મહિનાના અંત સુધીમાં શરૂ થનારા સંસદ સત્રમાં, અમે આ ત્રણે કૃષિ કાયદાની રદ કરવાની બંધારણીય પ્રક્રિયા પૂર્ણ કરી દઈશું.

મિત્રો, હું મારા તમામ આંદોલનકારી ખેડૂત સાથીઓને વિનંતી કરું છું કે આજે ગુરુ પર્વનો પવિત્ર દિવસ છે. હવે તમે તમારા ઘરે પાછા ફરો, તમારાં ખેતરોમાં પાછા ફરો, તમારા પરિવાર પાસે પાછા ફરો. ચાલો, નવી શરૂઆત કરીએ. ચાલો, નવેસરથી આગળ વધીએ.

**મિત્રો, આજે સરકારે કૃષિ ક્ષેત્રને લગતો વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. ઝીરો બજેટ ફાર્મિંગ એટલે કે કુદરતી ખેતીને પ્રોત્સાહન આપવા, દેશની બદલાતી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને પાકની પેટર્નમાં વૈજ્ઞાનિક રીતે ફેરફાર કરવા, એમએસપીને વધુ અસરકારક બનાવવા માટે. વધુ પારદર્શક, ભવિષ્યને ધ્યાનમાં રાખીને આવા તમામ વિષયો પર નિર્ણય લેવા માટે એક સમિતિની રચના કરવામાં આવશે.**

મિત્રો, અમારી સરકાર ખેડૂતોના હિતમાં કામ કરતી રહી છે અને કરતી રહેશે. હું મારું ભાષણ ગુરુ ગોવિંદ-સિંહજીની ભાવનામાં સમાપ્ત કરીશ-

'देह सिवा बरु मोहि इहे सुभ करमन ते कबहूं न टरो ।'

હે દેવી, મને એવું વરદાન આપો કે હું ક્યારેય સારાં કાર્યો કરવાથી પાછી પાની ન કરું.મેં ખેડૂતો માટે જે પણ કર્યું, હું જે પણ કરી રહ્યો છું તે દેશ માટે કરી રહ્યો છું. તમારા બધાના આશી-ર્વાદથી મેં અગાઉ પણ મારી મહેનતમાં કોઈ કમી રાખી નથી. આજે હું તમને ખાતરી આપું છું કે હવે હું વધુ મહેનત કરીશ જેથી તમારાં સપનાં સાકાર થાય, દેશનાં સપનાં સાકાર થાય.

તમારો ખૂબ ખૂબ આભાર! નમસ્તે.



## ભાજપની કેન્દ્રીય કારોબારીની બેઠક તારીખ ૦૭ નવેમ્બરના રોજ દિલ્હી ખાતે રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જે. પી. નડ્ડાજીની અધ્યક્ષતામાં યોજાઈ




# વેક્સિનની શોધ સાથે સાથે વિશ્વના સૌથી મોટા અને ઝડપી રસીકરણનો શ્રેય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને જાય છે - શ્રી જે. પી. નડ્ડાજી

ભારતીય જનતા પાર્ટીની રાષ્ટ્રીય કારોબારીની બેઠક ૭ નવેમ્બરે રાષ્ટ્રીય અધ્યક્ષ માનનીય શ્રી જગતપ્રકાશ નડ્ડાજીની અધ્યક્ષતામાં નવી દિલ્હીમાં મળી હતી. આ સમગ્ર બેઠકમાં વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીનું માર્ગદર્શન મળ્યું હતું, જેમાં ગુજરાતમાંથી ભા.જ.પા.ના મુખ્ય કાર્યાલય શ્રી કમલમ્ ખાતેથી પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલ, મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજી, પૂર્વ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, સાંસદશ્રી રમીલાબહેન બારા જોડાયાં હતાં.

દેશમાં કોરોનાને કારણે સ્વર્ગસ્થ થયેલા સૌને બેઠકના પ્રારંભે શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી અને તેમના માટે બે મિનિટનું મૌન રાખવામાં આવ્યું હતું. આ સંદર્ભમાં શોક પ્રસ્તાવ પણ પસાર કરવામાં આવ્યો હતો. આ શોક પ્રસ્તાવમાં મહારોગચાળાને કારણે અકાળે અવસાન પામનાર તમામ વરિષ્ઠ નેતાઓ, વરિષ્ઠ નાગરિકો, શ્રી રોહિત સરદાના જેવા વરિષ્ઠ પત્રકારોથી લઈને શ્રી પુનિત રાજકુમાર સુધીના સૌનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

કોરોનાકાળમાં દેશનું સમર્થ નેતૃત્વ કરવા બદલ, દેશમાં કોરોના વિરોધી રસી તૈયાર કરવા માટે પ્રેરણા આપવા બદલ તથા દુનિયાના સૌથી મોટા અને સૌથી ઝડપી રસીકરણ કાર્યક્રમ હેઠળ ૧૦૦ કરોડ વેક્સિન ડોઝનો આંકડો પાર કરવા બદલ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને બેઠકમાં ઉપસ્થિત સૌએ ઊભા થઈને તાળીઓના ગડગડાટ સાથે અભિનંદન આપ્યાં હતાં.

૧૦૦ કરોડનું રસીકરણ લક્ષ્યાંક હાંસલ કરવા બદલ પક્ષના ભૂતપૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષો – શ્રી અમિતભાઈ શાહ, શ્રી રાજનાથસિંહજી તથા શ્રી નીતિનભાઈ ગડકરીએ વડાપ્રધાનશ્રીનું






પુષ્પમાળા પહેરાવી સન્માન કર્યું હતું.

ઉદ્‌ઘાટન પ્રવચનમાં માનનીય રાષ્ટ્રીય અધ્યક્ષે કારોબારીને માર્ગદર્શન આપ્યું તથા પક્ષના આગામી કાર્યક્રમો બાબતે નિર્દેશ આપ્યા હતા. બેઠકમાં એક રાજકીય પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો જેમાં કોરોના વિરુદ્ધ લડાઈ, અર્થવ્યવસ્થા, સેવા એ જ સંગઠન, સેવા એ જ સમર્પણ, પર્યાવરણ વગેરે વિષયોનો સમાવેશ કરવામાં અવ્યો. આ પ્રસ્તાવ ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથે રજૂ કર્યો હતો જેને તમિલનાડુ ભાજપના પ્રદેશ અધ્યક્ષ શ્રી અન્નામલાઈ તથા અન્ય વરિષ્ઠ નેતાઓએ સમર્થન આપ્યું હતું.

માનનીય રાષ્ટ્રીય અધ્યક્ષે કહ્યું હતું કે, આપણે નસીબદાર છીએ કે આપણને દુનિયાના સૌથી વધુ લોકપ્રિય લોકનેતા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું નેતૃત્વ મળ્યું છે જેને કારણે દુનિયામાં આજે ભારતનું માન-સન્માન વધ્યું છે એટલું જ નહીં પરંતુ ભારતીય જનતા પાર્ટી પણ નવાં શિખર સર કરી રહી છે. દેશને મજબૂત, સશક્ત તથા નિર્ણાયક નેતૃત્વ આપવા બદલ યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને હાર્દિક અભિનંદન. આતંકવાદ, પર્યાવરણ કે પછી કોવિડની વાત હોય, આજે આદરણીય વડાપ્રધાનની દરેક વાત પ્રત્યેક વૈશ્વિક મંચ ઉપર ગંભીરતાથી સાંભળવામાં આવે છે અને તેમની સલાહનો સ્વીકાર કરવામાં આવે છે. વડાપ્રધાને જે રીતે રોમમાં જી-૨૦ તથા ગ્લાસગોમાં કૉપ-૨૬ બેઠકોમાં દુનિયાને નવી દૃષ્ટિ અને દિશા બતાવી તેનાં જેટલાં વખાણ કરીએ એટલાં ઓછાં છે.

કોરોના સંકટ સમયે ગરીબો તેમજ પ્રવાસી મજૂરોની ચિંતા કરીને આપણા વડાપ્રધાને નિશ્ચય કર્યો હતો કે દેશમાં કોઈ ભૂખ્યું નહીં રહે. એ લક્ષ્યાંક સાથે દેશના ૮૦ કરોડ લોકો માટે તેમણે વડાપ્રધાન ગરીબ કલ્યાણ યોજનાના નામે અન્ન રાહત અભિયાનનો પ્રારંભ કર્યો હતો. ગયા વર્ષે તેમજ આ વર્ષે માર્ચથી નવેમ્બર સુધી ગરીબ કલ્યાણ અન્ન યોજના દ્વારા દેશના ૮૦ કરોડ લોકોને લાભ મળ્યો.

વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ એક તરફ દેશ કોવિડને હરાવવા લડાઈ લડી રહ્યો હતો તે સમયે વિપક્ષો રસી તેમજ રસીકરણ બાબતે દેશ અને દેશવાસીઓને ગેરમાર્ગે દોરવાની અધમ રાજનીતિ કરી રહ્યા હતા. વિપક્ષો ગમે તેટલું રાજકારણ રમે છતાં દેશના ઇતિહાસમાં એ લખાઈ ચૂક્યું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રયાસોથી દેશમાં સ્વદેશી રસીનું નિર્માણ થયું તથા દેશની આટલી મોટી વસ્તીને મફતમાં રસી આપવામાં આવી.

વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કલમ ૩૭૦ નાબૂદ થઈ, શ્રી રામમંદિરના નિર્માણનો માર્ગ ખૂલ્યો, ત્રણ તલાકનું દૂષણ ખતમ થયું તથા નાગરિક સંશોધન કાયદો લાગુ થયો.

કથિત રીતે અનેક ખેડૂત નેતા આ દેશમાં ઊભરી ચૂક્યા, પરંતુ વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઈ મોદીએ છેલ્લાં સાત વર્ષમાં ખેડૂત કલ્યાણ માટે જે કામો કર્યાં તેટલાં કામો સ્વતંત્રતાનાં ૭૦ વર્ષમાં કોઈએ કર્યાં નથી. ૨૦૧૪ પહેલાં ખેતીનું બજેટ માત્ર ૨૩,૦૦૦ કરોડ રૂપિયા હતું જે આજે વધીને રૂપિયા ૧,૨૩,૦૦૦ કરોડ કરવામાં આવ્યું છે. ખેડૂત સન્માન નિધિ હેઠળ કોઈ વચેટિયા વિના લગભગ ૧૦ કરોડ ખેડૂતોનાં બેંક ખાતાંમાં અત્યાર સુધીમાં ૧.૫૫ લાખ કરોડ કરતાં વધુની રકમ જમા કરી દેવામાં આવી છે.

સાચી રીતે જો કોઈએ ભારતરત્ન



બાબાસાહેબ ભીમરાવ આંબેડકરને દુનિયામાં સ્થાપિત કરવાનું કામ કર્યું હોય તો તે છે આપણા વડાપ્રધાન. તેમણે જ પંચતીર્થનો વિકાસ કરીને બાબાસાહેબને તમામ નાગરિકો સુધી પહોંચાડ્યા છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ દ્વારા દેશની માટીથી સુગંધિત શિક્ષણ કાર્યક્રમની શરૂઆત દેશમાં પ્રથમ વખત થઈ છે. હવે વિદ્યાર્થીઓ તેમની માતૃભાષામાં અભ્યાસ કરી શકશે.

આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ શીખ સમુદાયના હિતમાં જેટલાં કામો કર્યાં છે એટલાં આજ સુધી કોઈએ નથી કર્યાં. આદરણીય વડાપ્રધાનની પ્રેરણાથી જ શ્રી શ્રી હરમંદિર સાહેબ માટે એફસીઆરએ રજિસ્ટ્રેશનને મંજૂરી મળી અને હવે તેમને વિદેશી સહાય મળવાની શરૂ થઈ ગઈ છે. આ કામ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સમયમાં થયું, પણ જ્યારે ઘણા શીખ ભાઈઓ શાસનમાં આવ્યા હતા છતાં અગાઉ નહોતું થઈ શક્યું.

પહેલાં લંગર ઉપર પણ ટેક્સ લાગતો હતો, તેને કરમુક્ત કરવાનું કામ આપણા વડાપ્રધાને કર્યું છે. માનનીય વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી કરતારપુર સાહેબ કોરિડોર બનીને તૈયાર થયો અને શીખ સમુદાય માટે ડેરા નાનક સાહબ તથા કરતારપુર સાહિબનાં દર્શન કરવાનો માર્ગ શરૂ થયો. ગુરુ ગોવિંદસિંહજીના ૩૫૦મા પ્રકાશપર્વની દેશમાં ધૂમધામથી ઉજવણી થઈ. માનનીય વડાપ્રધાનની દૃઢ ઇચ્છાશક્તિને કારણે જ બ્લેકલિસ્ટમાંથી ૩૧૪ નામ દૂર કરવામાં આવ્યાં છે. આપણા શીખ



બાંધવોનાં આંસુ સુકાઈ ગયાં છતાં કોંગ્રેસ સરકારે ૧૯૮૪ના તોફાનોના દોષિતોને સજા નહોતી અપાવી. આપણા વડાપ્રધાને એસઆઈટી બનાવી તથા દોષિતોને જેલમાં પૂર્યા.

પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણી પછી જે રીતે રાજ્ય સરકારની દેખરેખ નીચે જ હિંસા થઈ, મહિલાઓ સાથે દુષ્કૃત્ય અને અત્યાચાર થયા, આગ અને લૂંટફાટ થઈ તે ઘૃણાસ્પદ અને ટીકાપાત્ર છે. આપણે ચૂપ બેસી રહેવાના નથી, આપણે લોકતાંત્રિક પક્ષના સ્વરૂપમાં કાર્યકરો માટે નિર્ણાયક લડાઈ લડીશું અને કમળ ખીલવીશું.

અત્યાર સુધી આપણે જ્યાં સત્તામાં આવી નથી શક્યા ત્યાં સરકાર બનાવવા સંપૂર્ણ પ્રયાસ કરીશું. આંધ્રપ્રદેશ, ઓડિસા, તેલંગાણા, તમિલનાડુ, કેરળ તથા પશ્ચિમ બંગાળમાં સરકાર બનાવવા માટે ભારતીય જનતા પાર્ટી કૃતનિશ્ચયી છે.

મહારાષ્ટ્રમાં જે રીતે મહાઅઘાડી સરકાર મહાવસૂલી અને ભ્રષ્ટાચારમાં ડૂબેલી છે તેને ઉખાડી ફેંકીને આપણે મહારાષ્ટ્રની પ્રજાને રાહત આપવાની છે. ઝારખંડ તથા છત્તીસગઢમાં ધાર્મિક તણાવ, નક્સલવાદ તથા ભ્રષ્ટાચારે માઝા મૂકી છે. આપણે આ રાજ્યોમાં સરકારોની નિષ્ફળતાને ઉજાગર કરીને ભાજપની સરકાર બનાવીશું. રાજસ્થાનમાં રોજેરોજ મહિલાઓ સાથે દુરાચારની ઘટનાઓ બની રહી છે, દલિતો પર અત્યાચાર થઈ રહ્યા છે, છતાં ત્યાંની કોંગ્રેસ સરકાર કોઈ પગલાં લેતી નથી. આપણે રાજસ્થાનમાં પણ સરકાર બનાવવા કટિબદ્ધ છીએ.

**પક્ષના આગામી કાર્યક્રમ**

- ૮ લાખ બૂથ પર બૂથ સમિતિની રચનાનું કાર્ય પૂર્ણ થઈ ગયું છે. બાકીનાં બૂથ પર સમિતિની રચનાનું કાર્ય ૨૫ ડિસેમ્બર, ૨૦૨૧ સુધીમાં પૂર્ણ થઈ જશે. પેજ પ્રમુખ બનાવવાની કામગીરી પણ ૬ એપ્રિલ, ૨૦૨૨ સુધીમાં પૂર્ણ થશે.
- બૂથો પર માનનીય વડાપ્રધાનના લોકપ્રિય કાર્યક્રમ ''મન કી બાત'' સાંભળવાના કાર્યક્રમોનો પ્રયાસ પ્રશંસનીય છે. મે ૨૦૨૨ સુધી દેશના પ્રત્યેક બૂથ પર પાર્ટી કાર્યકરો તથા બૂથના વિશિષ્ટ લોકોની સાથે મળીને મન કી બાત કાર્યક્રમ સાંભળવાની વ્યવસ્થા કરવામાં આવશે.



## ભાજપને આજે કેન્દ્રમાં સત્તા મળી છે તેનું મોટું કારણ એ છે કે પાર્ટી સામાન્ય નાગરિકો સાથે હંમેશાં જોડાયેલી રહી છે - માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી કહ્યું કે, ભાજપમાં પરિવારવાદ નથી, એ બાબત જ આપણને અન્ય પક્ષો કરતાં અલગ પાડે છે. પક્ષનો મૂળ આધાર સેવા, સંકલ્પ તથા સમર્પણ ઉપર ટકેલો છે. તેમણે પક્ષના કાર્યકરોને પ્રત્યેક નાગરિકના મનમાં વિશ્વાસનો સેતુ બનવાનું આહ્વાન કર્યું હતું. તેમણે સામાન્ય લોકો સાથે આત્મીય સંપર્ક વધારવા ઉપર ભાર મૂક્યો હતો.

માનનીય વડાપ્રધાને કહ્યું હતું કે, કોરાનાકાળમાં ભાજપના કાર્યકરોએ સેવાની નવી સંસ્કૃતિનો પ્રારંભ કર્યો છે. માનનીય વડાપ્રધાને પક્ષના ઈતિહાસને યાદ કરતાં કહ્યું કે, ભાજપને આજે કેન્દ્રમાં સત્તા મળી છે તેનું મોટું કારણ એ છે કે પાર્ટી સામાન્ય નાગરિકો સાથે હંમેશાં જોડાયેલી રહી છે. આદરણીય વડાપ્રધાને બેઠકને સંબોધતાં કહ્યું હતું કે, ભાજપના કાર્યકરોએ પોતાના જીવનની ચિંતા કર્યાં વિના માનવતાની અદ્ભુત સેવા કરી છે અને તમામને સહયોગ આપ્યો છે. આખી દુનિયાએ ભારતની આ ક્ષમતાની નોંધ લીધી છે. ભાજપના નિઃસ્વાર્થ કાર્યકર્તાઓના જીવન વિશે નમો એપમાં કમલ પુષ્પ ફીચર દ્વારા લોકો સમક્ષ પ્રસ્તુત કરવાની તેમણે દરખાસ્ત કરી હતી.

માનનીય વડાપ્રધાને તમિલનાડુ પંચાયત ચૂંટણીમાં ભાજપના સારા પ્રદર્શન, એલાનાબાદ (હરિયાણા) પેટાચૂંટણીમાં ભાજપના મતની ટકાવારીમાં થયેલી વૃદ્ધિ તથા તેલંગાણા પેટાચૂંટણીમાં ભાજપની ઐતિહાસિક જીત વિશે વાત કરતાં કહ્યું હતું કે આપણે સૌએ પ્રત્યેક નાગરિક સાથે જોડાવાનું છે. આદરણીય વડાપ્રધાને કહ્યું કે, પક્ષની પરંપરાઓને આગળ વધારતાં અને સખત મહેનત તથા પરિશ્રમને કારણે જ આપણે આગળ વધ્યા છીએ. ભાજપના કાર્યકરોએ આગામી સમયમાં આ જ વિશ્વાસ તથા પોતાપણાને સાથે લઈને આગળ વધવાનું છે.

- બેઠકમાં પાંચ રાજ્યોમાં આવી રહેલી વિધાનસભા ચૂંટણીની પણ ચર્ચા થઈ અને એ માટેની તૈયારીઓ અંગે સંતોષ વ્યક્ત કરવામાં આવ્યો. એવો વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો કે ભાજપ હજુ પણ વધુ તેજસ્વી, ઓજસ્વી અને વિજયી બનીને આગળ આવશે.
- આપણે હવે હર ઘર દસ્તક કાર્યક્રમ સફળ બનાવવાનો છે. આ કામગીરીમાં ભારતીય જનતા પાર્ટીના ૧૦ લાખ આરોગ્ય સ્વયંસેવકો સહયોગ આપશે.
- તાજેતરમાં પૂર્ણ થયેલી પેટાચૂંટણીઓ અંગે પણ કારોબારીમાં ચર્ચા થઈ હતી. તેલંગાણામાં પક્ષને મળેલી ભવ્ય જીત, તમિલનાડુમાં પંચાયત ચૂંટણીમાં ભાજપનું સુધરેલું પ્રદર્શન, આસામ-બિહાર તથા મધ્યપ્રદેશમાં ભાજપનું ભવ્ય પ્રદર્શન તેમજ પડકારો છતાં હરિયાણાની એલાનાબાદ વિધાનસભા પેટાચૂંટણીમાં ભાજપના મતમાં લગભગ ૧૦ ટકાનો વધારો થયો તે ધ્યાનમાં લેવામાં આવ્યું.
- બેઠકમાં તમામ ૩૬ પ્રદેશના કારોબારી સભ્યો, મુખ્યપ્રધાન તેમજ નાયબ મુખ્યપ્રધાન, પ્રદેશ અધ્યક્ષ ઑનલાઈન વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા હતા. બેઠકમાં મણિપુરના મુખ્યપ્રધાન એન. બીરેન સિંહ, ગોવાના મુખ્યપ્રધાન પ્રમોદ સાવંત, ઉત્તરાખંડના મુખ્યપ્રદાન પુષ્કર સિંહ ધામી તથા પંજાબના પ્રદેશ અધ્યક્ષ અશ્વની શર્માએ પણ સંબોધન કર્યું હતું.
- બેઠકમાં કોરોના વિરોધી ભારતની લડાઈ, આર્થિક સુધારા તથા પર્યાવરણ સંબંધે ભારતની પ્રભાવક ભૂમિકા સંદર્ભે ચાર પુસ્તકનું વિમોચન પણ કરવામાં આવ્યું.





## રાજકીય પ્રસ્તાવ

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના સક્ષમ નેતૃત્વ હેઠળ, વિવિધ વૈશ્વિક મંચો પર ભારતની છબી એક સક્ષમ અને મજબૂત રાષ્ટ્ર તરીકે ઊભરી આવી છે. કોરોના સંકટ દરમિયાન સમગ્ર વિશ્વ ભારતના સામર્થ્ય અને ક્ષમતાઓથી વાકેફ થઈ ગયું છે. માનવતાનું રક્ષણ તથા પર્યાવરણ અને પ્રકૃતિના સંરક્ષણ માટે વિશ્વને માર્ગદર્શન આપવામાં ભારત એક અગ્રણી દેશ તરીકે ઊભરી આવ્યો છે. પેરિસ ક્લાઈમેટ કોન્ફરન્સમાં માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિશ્વનું વનક્ષેત્ર વધારવા, કાર્બન ઉત્સર્જન ઘટાડવા અને ઊર્જાના વૈકલ્પિક સ્રોતોને પ્રોત્સાહન આપવાનો સંદેશો આપ્યો હતો. હાલમાં ગ્લાસગોમાં યોજાયેલી COP ૨૬ ક્લાઈમેટ કોન્ફરન્સમાં તેમણે ક્લાઈમેટ ચેન્જ વિરુદ્ધની લડાઈમાં પંચામૃતનો સંકલ્પ વ્યક્ત કર્યો. આત્મનિર્ભર ભારતની અવધારણાને સાકાર કરવા માટે, દેશના વેક્સિનેશન કાર્યક્રમને વિશ્વ સમક્ષ ઉદાહરણરૂપ બનાવવા અને દેશ માટે પડકારોને અવસરમાં પરિવર્તિત કરવાની પ્રબળ ઇચ્છાશક્તિની સાથે સાથે "સેવા પરમો ધર્મ"ના સૂત્રને પરિપૂર્ણ કરીને દેશને એક મજબૂત, સશક્ત, નિર્ણાયક અને લોકાભિમુખ નેતૃત્વ આપવા બદલ ભારતીય જનતા પાર્ટીની રાષ્ટ્રીય કાર્યસમિતિ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીને હાર્દિક અભિનંદન પાઠવે છે.

### વેક્સિનેશન અને જન - જનનું કલ્યાણ

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના દૃઢ સંકલ્પ અને મજબૂત નેતૃત્વ હેઠળ ભારતે માત્ર ૨૭૮ દિવસમાં (કુલ ૪૧ લાખ માનવ કાર્ય દિવસનું કામ કરીને) ૧૦૦ કરોડ રસીકરણનો માઈલસ્ટોન પાર કરીને ઈતિહાસ રચ્યો છે. આ સિદ્ધિ ભારતની છે, ભારતના દરેક નાગરિકની છે. આપણા રસીકરણ અભિયાનને ટીમ ઈન્ડિયાની શક્તિ વિશ્વને બતાવી છે. સાથે જ, 'વસુધૈવ કુટુંબકમ્' અને 'સર્વે ભવન્તુ સુખિનઃ સર્વે સંતુ નિરામયા'ના ભારતીય દર્શનને અનુસરીને, વિશ્વના ઘણા દેશોને દવાઓથી લઈને વેક્સિન સુધીની વિવિધ રીતે મદદ પણ કરી છે. માનનીય વડાપ્રધાનની પ્રેરણાથી, ત્રણ મહિનાથી પણ ઓછા સમયમાં, અમે N95 ફેસ માસ્ક, PPE કિટ્સ, વેન્ટિલેટર, ઓક્સિજન બેડ અને ટેસ્ટિંગમાં આત્મનિર્ભરતા હાંસલ કરી છે. દેશના દરેક જિલ્લા હોસ્પિટલમાં ઓક્સિજન પ્લાન્ટ લગાવવામાં આવી રહ્યા છે. પ્રધાનમંત્રી આયુષ્માન ભારત હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિશન તરીકે ૨૭મી ઓક્ટોબરે કુલ રૂ. ૬૪૦૦૦ કરોડના રોકાણને અમલમાં મૂકીને ભારતના ૧૩૦ કરોડ નાગરિકોના જીવનની સુરક્ષા માટે શરૂ કરવામાં આવ્યું છે.

રોમમાં યોજાયેલ G-20 કોન્ફરન્સમાં કોરોના સામેની લડાઈમાં વૈશ્વિક એકતા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા 'One Earth One Health'નો સંદેશ પણ આપવામાં આવ્યો હતો, જે વિશ્વને નવી દિશા



પ્રદાન કરશે. વેક્સિન માટે ભારત પાસે મદદની રાહ જોઈ રહેલા વિશ્વ સમુદાયને ખાતરી આપતી વખતે G20ના મંચ પરથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્પષ્ટપણે કહ્યું હતું કે ભારત આવતા વર્ષે વિશ્વ સમુદાય માટે રસીના ૫ અબજ ડોઝથી વધુ ઉત્પાદન કરવાની યોજના માટે કામ કરી રહ્યું છે. આપણે જોયું છે કે પહેલાં દેશમાં અનેક રોગોની રસી આવતાં ઘણાં વર્ષો લાગતાં હતાં. આ માટે આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ બજેટમાં રૂ. ૩૫,૦૦૦ કરોડની જોગવાઈ કરી, ભારતની વિશાળ વસ્તીને સુરક્ષિત રાખીને વિશ્વના અન્ય દેશોને ટેકો આપ્યો, તેની વિશ્વ મંચ પર મુક્તકંઠથી પ્રશંસા થઈ રહી છે.

## કોરોનાકાળમાં ગરીબ કલ્યાણ

કોરોનાના પડકાર દરમિયાન પણ આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનું એક જ ધ્યેય. એક જ સંકલ્પ હતો કે કોઈ ગરીબ, કોઈ મજૂર ભૂખ્યો ન સૂવે. દરેક જરૂરિયાતમંદ સુધી જરૂરી અનાજ પહોંચાડવા માટે, તેમણે વિશ્વનું સૌથી મોટું રાશન વિતરણ અભિયાન "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" શરૂ કર્યું, જે અંતર્ગત દેશના લગભગ ૮૦ કરોડ લોકોને ઘરેલુ ઉપયોગ માટે મફત રાશન સામગ્રી ઉપલબ્ધ કરાવવામાં આવી છે. અને આ ઉપરાંત, પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના હેઠળ, મહિલા જન-ધન ખાતાધારકો, અપંગ, વિધવાઓ અને વૃદ્ધોને આર્થિક સહાય આપવામાં આવી હતી. આ સાથે મહિલા સ્વ-સહાય જૂથો, શેરી ફેરિયાઓ અને પરપ્રાંતીય મજૂરોને પણ મદદ કરવામાં આવી હતી. કોરોના સમયગાળા દરમિયાન ગરીબ મહિલાઓને મફત ગેસ સિલિન્ડર પણ આપવામાં આવ્યા હતાં. કોરોનાથી અનાથ થયેલ બાળકોની સંભાળ લેવા માટે "પીએમ કેર્સ ફોર ચિલ્ડ્રન" અભિયાન હોય કે પ્રવાસી મજૂરોના કલ્યાણ માટે ગરીબ કલ્યાણ રોજગાર યોજના કે 'વન નેશન, વન રેશન કાર્ડ'નો અમલ, દરેક અભિયાને આપણી મોદી સરકારની સંવેદનશીલતાની નવી ગાથા લખી છે.

## રોજગારીની નવી તકો સર્જાઈ

કોરાના આપત્તિના સંકટ પર, વિશ્વના ઘણા દેશોની અર્થવ્યવસ્થાએ નોટો છાપવાની અને લોન વધારવાની નીતિ અપનાવી, જ્યારે તેનાથી વિપરીત, શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકારે આત્મનિર્ભર ભારત, વિદેશી રોકાણ અને મૂળભૂત સુધારા પર ભાર મૂકીને ૮૦ કરોડ ગરીબોને રાશન, ગેસ સિલિન્ડર તથા બેંકમાં સીધા પૈસા મોકલીને અર્થતંત્ર, જીવન અને આજીવિકા બંનેની સંભાળ રાખવાનું કાર્ય કર્યું. મોદી સરકારના અર્થતંત્ર માટે ઝડપી અને સચોટ નિર્ણયોને કારણે દેશમાં રોજગારીની અનેક નવી તકો ઊભી થઈ રહી છે. મુદ્રા યોજના, ડિજિટલ ઈન્ડિયા અને સરકાર દ્વારા સ્ટાર્ટ અપ માટે કરવામાં આવી રહેલા પ્રયાસોને કારણે આજે દેશના યુવાનો નોકરી શોધનાર નહીં પણ નોકરી આપનાર બની રહ્યા છે. ભારતીય જનતા પાર્ટીની રાષ્ટ્રીય કાર્યસમિતિ એક મજબૂત, સર્વ-સ્પર્શી અને સર્વ-સમાવેશક અર્થવ્યવસ્થાના નિર્માણ માટે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને હાર્દિક અભિનંદન આપે છે.

## જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષા, શાંતિ અને વિકાસ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતમાં સુરક્ષા, શાંતિ અને સમૃદ્ધિનું વાતાવરણ સર્જાયું છે. કલમ ૩૭૦ હટાવ્યા પછી, જમ્મુ અને કાશ્મીરમાં BDC અને DDCની ચૂંટણીઓ શાંતિપૂર્ણ રહી અને ત્યાંના લોકોએ નિર્ભયપણે લોકશાહીના આ યજ્ઞમાં તેમની ભાગીદારી આપી. છેલ્લાં બે વર્ષમાં જમ્મુ અને કાશ્મીરમાં ૫૬,૨૬૧ કરોડ રૂપિયાના ૫૪ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યા હતા. જાન્યુઆરી ૨૦૨૧માં ૨૮,૪૦૦ કરોડની ઉદ્યોગ પ્રોત્સાહન યોજના શરૂ કરવામાં આવી હતી. આ પહેલાં ૨૦૨૦માં જમ્મુ-કાશ્મીર માટે ૮૦,૦૦૦ કરોડ રૂપિયાનું વિશેષ પેકેજ આપવામાં આવ્યું હતું. જમ્મુ અને કાશ્મીરમાં, ૧૦૦ ટકા લોકોને આયુષ્માન ભારત યોજના હેઠળ લાવીને તેમને સ્વાસ્થ્યની ચિંતાઓથી મુક્ત કરવામાં આવ્યા છે. જમ્મુ અને કાશ્મીરમાં પણ આતંકવાદી ઘટનાઓમાં ભારે ઘટાડો થયો છે અને આ ઘટનાઓમાં મૃત્યુઆંક પણ નોંધપાત્ર રીતે નીચે આવ્યો છે. ૨૦૦૪થી ૨૦૧૪ની વચ્ચે જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદી ઘટનાઓમાં ૨,૦૮૧ લોકોનાં મોત થયાં હતાં, જ્યારે ૨૦૧૪થી સપ્ટેમ્બર ૨૦૨૧ સુધીમાં ૨૩૯ નાગરિકો માર્યા ગયા હતા. આ જમ્મુ અને કાશ્મીરમાં શાંતિની સ્થાપનાનું પ્રતીક છે.



## ભ્રષ્ટાચારમુક્ત પારદર્શક વ્યવસ્થાનું નિર્માણ

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ, ભારતે સર્વ-સ્પર્શી અને સર્વસમાવેશક વિકાસને લક્ષ્યાંકિત કરીને છેલ્લી માઈલ ડિલિવરીની પ્રાથમિકતા સાથે JAM એટલે કે જન-ધન, આધાર અને DBT દ્વારા કેન્દ્ર સરકારની લોકાભિમુખ યોજનાઓનો સીધો અને સંપૂર્ણ લાભ યોગ્ય અને તમામ લાભાર્થીઓને પહોંચાડ્યો છે. ડિજિટલ ઈન્ડિયાએ દેશની અર્થવ્યવસ્થાને પારદર્શક બનાવી છે અને યુવાનો માટે નવી તકો ઊભી કરી છે.

## સ્વસ્થ ભારત

આયુષ્માન ભારત યોજનાએ દેશના દરેક ગરીબને સ્વાસ્થ્યની ચિંતાઓથી મુક્ત બનાવ્યો છે. દેશમાં ફિટ ઈન્ડિયાને એક જન આંદોલન બનાવવામાં આવ્યું છે. જન ઔષધિ યોજના દ્વારા ગરીબ અને મધ્યમ વર્ગને સસ્તી દવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. અત્યાર સુધીમાં, ૭૫,૦૦૦થી વધુ હેલ્થ ઍન્ડ વેલનેસ સેન્ટર્સ બનાવવામાં આવ્યાં છે. કોઈપણ સંકટનો સામનો કરવા માટે દરેક જિલ્લા હોસ્પિટલમાં ઓક્સિજન પ્લાન્ટ લગાવવામાં આવ્યા છે. કાર્યસમિતિ આ સહભાગી પ્રયાસોની પ્રશંસા કરે છે.

## વિકાસયાત્રા

ગતિશક્તિ યોજના, મહત્ત્વાકાંક્ષી જિલ્લાઓનો વિકાસ, સ્વનિધિ યોજના, સ્વામિત્વ કાર્ડ, હર ઘર જલ મિશન, પ્રધાન મંત્રી આવાસ યોજના, ઉજ્જવલા યોજના, સૌભાગ્ય યોજના, આત્મનિર્ભર ભારત અભિયાન, વોકલ ફોર લોકલ અભિયાન વગેરે યોજનાઓએ દેશની વિકાસયાત્રાને નવો વેગ આપ્યો છે. દરેક ગામ અને દરેક ઘર સુધી વીજળી પહોંચાડવામાં આવી છે. ભારતીય જનતા પાર્ટી એ સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે કે દરેક કારકિર્દી અને ક્ષેત્રમાં મહિલાઓની સમાન ભાગીદારી હોય. હવે દેશની તમામ સૈનિક શાળાઓમાં દીકરીઓ પણ અભ્યાસ કરી શકશે. ગરીબ અને અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ૫૯ હજાર કરોડની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ અને કાશીમાં સંત ગુરુ રવિદાસજી ઉદ્યાનનું નિર્માણ અને કાશી નગરમાં તથાગત મહાત્મા બુદ્ધના સ્થાનને આંતરરાષ્ટ્રીય મહત્ત્વ આપવામાં આવ્યું. સામાન્ય વર્ગ માટે આર્થિક ધોરણે ૧૦% અનામત હોય, OBC કમિશનને બંધારણીય માન્યતા આપવાની હોય, SC/ST અને OBC વર્ગના ઉત્થાન માટે લેવાયેલાં પગલાં હોય મોદી સરકારે દરેકને સન્માન સાથે જીવવાનો અધિકાર આપીને તેમના માટે આગળ વધવાની તકો ઊભી કરી છે. એક ભારત શ્રેષ્ઠ ભારત પૂર્ણ કરવા માટે ઉત્તર પૂર્વ અને પર્વતીય દુર્ગમ રાજ્યો પર વિશેષ ધ્યાન આપીને આપણી મોદી સરકારની યોજનાના યુગાન્તરકારી પરિણામો દેખાવા લાગ્યા છે. ઓર્ડિનન્સ ફેક્ટરીઓ સહિત ૭ ડિફેંસ કંપનીઓનું ગઠન કરવામાં આવ્યું છે. નેશનલ પામ ઓઈલ મિશન, પ્રોડક્ટ લિંક ઈન્સેન્ટિવ અને પૌષ્ટિક ચોખા અને ખાદ્યાન્નનું વિતરણ જેવી યોજનાઓએ પોતાની ઓળખ બનાવી છે.

સમગ્ર વિશ્વમાં પેટ્રોલ અને ડીઝલના વધતા ભાવોમાંથી ભારતની જનતાને રાહત આપવા માટે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની સંવેદનશીલ સરકારે પેટ્રોલમાં રૂ. ૫ અને ડીઝલમાં રૂ. ૧૦નો ઘટાડો કર્યો છે. અને એ જ રીતે ભાજપ શાસિત રાજ્યોએ પોતાના રાજ્યના વેટમાં ઘટાડો કરીને લોકોને મોટી રાહત આપીને દેશની જનતાનાં દિલ જીતી લીધા છે.

## કૃષિવિકાસથી ખેડૂત-કલ્યાણ

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ કૃષિ અને ખેડૂતો માટે છેલ્લાં ૭ વર્ષમાં જેટલાં કાર્યો થયાં છે તેટલાં આઝાદીનાં ૭૦ વર્ષમાં પણ થઈ શક્યાં નથી. પાક વીમા યોજનામાં સુધારો, એમએસપીમાં દોઢગણો વધારો, નાના ખેડૂતો માટે કિસાન ક્રેડિટ કાર્ડની જોગવાઈ, સમગ્ર વિશ્વમાં મોંઘું થયેલ ડીએપી અને યુરિયાની સબસિડીમાં વધારો કરીને ખેડૂતોને જૂના ભાવે આપવાનું પ્રશંસનીય કામ કર્યું છે. સૌર ઊર્જા સંબંધિત યોજનાઓ, દરેક ખેતર સુધી પાણી પહોંચાડવાની પહેલ, FPOSની રચના, આ તમામ પ્રયાસોએ ખેડૂતોની આવક બમણી કરવા માટે ફળદાયી પહેલ કરી છે. તાજેતરમાં, માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ નવા પાકોની ૩૫ જાતો રાષ્ટ્રને સમર્પિત કરી છે. દેશના ૭૦થી વધુ રેલ માર્ગો પર કિસાન રેલ ચાલી રહી છે. કિસાન સન્માન નિધિ હેઠળ, ૯ હપ્તામાં ૧.૫૩ લાખ કરોડ રૂપિયાથી વધુની સહાય સીધી ખેડૂતોના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવી છે. એનિમલ એમ્બ્યુલન્સને પશુપાલકોના ઘર સુધી લઈ જવા માટે શ્રી નરેન્દ્રભાઈ મોદી



સરકાર દ્વારા ૫૮ હજાર કરોડ રૂપિયાનો પ્રોજેક્ટ બહાર પાડવામાં આવ્યો છે. રાષ્ટ્રીય કાર્યસમિતિ ખેડૂતોના ઉદ્દેશ્ય માટે સમર્પણ સાથે કામ કરી રહેલા આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના અથાક પ્રયાસોની પ્રશંસા કરે છે.

## વિદેશ નીતિ

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીએ દેશની વિદેશ નીતિને આંતર્દ્વન્દ્વો અને ગુટનિરપેક્ષતાની જડતામાંથી બહાર કાઢીને 'રાષ્ટ્ર પ્રથમ'ના સિદ્ધાંતને આગળ ધપાવી છે, જે ક્યારેય કોઈપણ બહારના દબાણમાં આવતું નથી.આજનું ભારત વિશ્વની એક મોટી શક્તિ બનવા માંગે છે, નહીં કે બેલેંસિંગ પાવર. આપણી વિદેશ નીતિએ ભારત પ્રત્યેનો વિશ્વનો દૃષ્ટિકોણ બદલી નાખ્યો છે, સમાનતાના સિદ્ધાંત પર નવી વૈશ્વિક ભાગીદારી બનાવી છે, અસરકારક રીતે પોતાના હિતમાં ગ્લોબલ એજેંડા સેટ કર્યો છે અને અન્ય દેશોમાં રહેતા ભારતીયોને ગર્વ અનુભવવાની તક આપી છે.

આજે આપણી વિદેશનીતિમાં આપણી માટીનું સુગંધ, આપણી સંસ્કૃતિ, વિરાસત અને વિચારધારા પ્રકટ થાય છે. પર્યાવરણ અને ઊર્જાના વૈકલ્પિક સ્રોતો અને આતંકવાદ સહિતના તમામ વૈશ્વિક વિષયો પર આજે સમગ્ર વિશ્વમાં આપણો અવાજ ગંભીરતાથી સંભળાય છે. માનનીય વડાપ્રધાનની વિદેશયાત્રાએ વિશ્વના અન્ય દેશો સાથેના આપણા સંબંધોને વધુ મજબૂત બનાવ્યા છે અને વિશ્વનો ભારત પ્રત્યેનો દૃષ્ટિકોણ બદલાયો છે.

## સેવા એ જ સંગઠન

કોરોનાની પ્રથમ અને બીજી લહેર દરમિયાન, માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના 'સેવા હી સંગઠન'ના આહ્વાનને માન આપીને રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જગત પ્રકાશ નડ્ડાજીના નેતૃત્વમાં પાર્ટીના કાર્યકરોએ પોતાના જીવની પણ પરવા કર્યા વિના દિવસ-રાત એક કરીને જે રીતે લોકોની સેવા કરી તે અતુલનીય છે. પાર્ટીના લગભગ ૧.૨ મિલિયન કાર્યકરો કોવિડ જાગૃતિ અભિયાન અને રસીકરણ અભિયાનને સમર્થન આપવા માટે કાર્યરત છે. ૧૦ લાખથી વધુ સ્વયંસેવકો સ્વાસ્થ્ય સ્વયંસેવક યોજના સાથે જોડાયેલા છે.

આપણા રાષ્ટ્રીય અધ્યક્ષે જે રીતે ''સેવા હી સંગઠન''ના મંત્રનો અમલ કર્યો અને વિશ્વના સૌથી મોટા સેવા અભિયાનનું નેતૃત્વ કર્યું, આ માટે ભારતીય જનતા પાર્ટીની રાષ્ટ્રીય કાર્ય સમિતિ આપણા રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જગતપ્રકાશ નડ્ડાજીનો હૃદયપૂર્વક આભાર માને છે.

## સેવા અને સમર્પણ

પહેલા ગુજરાતના મુખ્યમંત્રી તરીકે અને હવે દેશના વડાપ્રધાન તરીકે ભારતીય શાસનના ઈતિહાસમાં સૌથી લાંબી સેવા આપનાર ચૂંટાયેલા વડા તરીકે આપણા પ્રસિદ્ધ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી સેવા અને સમર્પણના ભાવ સાથે બંધારણીય પદ પર ૨૦ વર્ષથી છે. પાર્ટી માનનીય વડાપ્રધાન શ્રી મોદીજીના જન્મદિવસને સેવા દિવસ તરીકે ઊજવી રહી છે. આ વખતે દેશભરમાં ૨૦ દિવસ માટે ''સેવા અને સમર્પણ અભિયાન''ની ઉજવણી કરવામાં આવી હતી.

આ અંતર્ગત રસીકરણને વેગ આપવામાં આવ્યો હતો, બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું અને વિનામૂલ્યે રાશનનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## પાંચ રાજ્યોમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણી

આસામ, પુડુચેરી, પશ્ચિમ બંગાળ, તમિલનાડુ અને કેરળમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં ભાજપે પ્રશંસનીય પ્રદર્શન કર્યું હતું. બિહારમાં જ્યાં એનડીએ સરકાર બની અને ભાજપનું પ્રદર્શન સૌથી સારું હતું. જ્યારે પશ્ચિમ બંગાળમાં, ભાજપે ૨ થી ૭૭ વિધાનસભા સદસ્યોની યાત્રા કરી અને રાજ્યની મુખ્ય વિપક્ષી પાર્ટી બની. આસામમાં ફરીથી સંપૂર્ણ બહુમતી સાથે ભારતીય જનતા પાર્ટીની સરકાર રચાઈ. તો પુડુચેરીમાં પણ લોકોએ અમને સંપૂર્ણ જનાદેશ આપ્યો અને પહેલીવાર એનડીએની સરકાર બની. આ ઉપરાંત દેશભરમાં યોજાયેલી પેટાચૂંટણીઓ અને સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓમાં ભાજપને શાનદાર જીત મળી હતી. આ ચૂંટણીઓની જીત દર્શાવે છે કે કેવી રીતે આપણી કેન્દ્ર સરકારથી લઈને રાજ્ય સરકારો અને આપણા દ્વારા સંચાલિત સ્થાનિક સંસ્થાઓ સતત લોકોના વિશ્વાસ પર ખરી ઊતરી છે.

## બંગાળ હિંસા

પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીમાં તૃણમૂલ કોંગ્રેસ પ્રાયોજિત હિંસાનું રાજકારણ હોવા છતાં ભાજપે મુખ્ય વિપક્ષી પાર્ટી તરીકે સ્થાન લીધું, પરંતુ ચૂંટણીમાં તૃણમૂલ કોંગ્રેસની જીત



બાદ જે રીતે સમગ્ર પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ સરકારના સંરક્ષણમાં બદલો લેવાની ખરાબ માનસિકતા અને રાજકીય અદાવતના કારણે પશ્ચિમ બંગાળમાં નિર્દોષ ભાજપના કાર્યકરોની ઘાતકી હત્યા કરવામાં આવી. તેમનાં ઘર અને દુકાનો લૂંટી લેવામાં આવ્યાં હતાં, મહિલાઓ સાથે ગેરવર્તણૂક કરવામાં આવી હતી, લોકોને માર મારવામાં આવ્યો, ઘરોમાં આગ લગાડવામાં આવી હતી. આનાથી માત્ર પશ્ચિમ બંગાળની સંસ્કૃતિ જ શરમજનક નથી સાથે સાથે તે માનવતા પર કાળો ડાઘ પણ છે અને લોકશાહી માટે પણ શરમજનક છે. ભાજપ રાષ્ટ્રીય કાર્ય સમિતિ પશ્ચિમ બંગાળમાં ચૂંટણી દરમિયાન અને ચૂંટણી પછીની હિંસામાં જીવ ગુમાવનારા પક્ષના કાર્યકરોને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે. ભાજપ તેના કાર્યકરોની સાથે છે અને અમે દોષિતોને સજા અપાવીશું.

## આગામી ચૂંટણીમાં વિજયનો સંકલ્પ

ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, ગોવા અને મણિપુરમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, ગોવા અને મણિપુરમાં આપણી ગરીબ કલ્યાણ અને વિકાસલક્ષી સરકારો છે. આપણે આપણી સરકારોનાં વિકાસકાર્યો અને સંગઠનની તાકાતના બળ પર આ રાજ્યોમાં મોટી જીત તરફ આગળ વધીશું અને તમામ સર્વે પણ આ જ બાબત તરફ ઈશારો કરી રહ્યા છે.

## વિપક્ષની તકવાદની રાજનીતિ

જ્યાં ભારત માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં વિશ્વમાં સફળતાના નવા આયામોનું નિર્માણ થઈ રહ્યું છે, તો બીજી તરફ વિપક્ષ માત્ર અને માત્ર અસીમ નફરતની માનસિકતા સાથે કામ કરી રહ્યો છે. જ્યાં ભારત પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સ્વદેશી રસી, રસીકરણ અને લોકભાગીદારી દ્વારા દેશવાસીઓ માટે મજબૂત સુરક્ષા કવચ તૈયાર કરવામાં વ્યસ્ત હતા, તે જ સમયે, વિપક્ષ આ કોરોના રોગચાળા સામે અને રસીકરણ અભિયાનને પાટા પરથી ઉતારવા માટે તમામ પ્રકારના દૂષિત પ્રયાસો, પ્રચાર અને ષડયંત્ર કરવામાં વ્યસ્ત હતો. ભારતીય જનતા પાર્ટીની આ કાર્યકારી સમિતિ વિપક્ષની બેજવાબદાર અને નબળી માનસિકતાની સખત નિંદા કરે છે.

## સ્વતંત્રતાનો અમૃત ઉત્સવ

આઝાદીના અમૃત મહોત્સવનો અર્થ સ્વતંત્રતાની ઊર્જાનું અમૃત છે. તેનો અર્થ છે સ્વાતંત્ર્ય સંગ્રામના યોદ્ધાઓની પ્રેરણાનું અમૃત, નવા વિચારો અને સંકલ્પોનું અમૃત અને આત્મનિર્ભરતાનું અમૃત. ૧૨ માર્ચ, ૨૦૨૧થી શરૂ થતો આઝાદીનો અમૃત મહોત્સવ ૧૫ ઓગસ્ટ ૨૦૨૩ સુધી અર્થાત્ ૭૫ અઠવાડિયાં સુધી સમગ્ર દેશમાં ઊજવવામાં આવશે. આ સમયમાં માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં અમારો સંકલ્પ છે કે આપણે એક એવા ભારતના નિર્માણ માટે પ્રતિબદ્ધ બનીએ જ્યાં સુવિધાઓનું સ્તર ગામડાંઓ અને શહેરોને વિભાજિત ન કરે. જ્યાં સરકાર નાગરિકોના જીવનમાં બિનજરૂરી દખલ ન કરે, જ્યાં દુનિયાનું દરેક આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર હોય અને આપણે કોઈનાથી ઓછા ન હોઈએ. ભલે તે ભારતના સર્વાંગીણ અને સંપૂર્ણ વિકાસનું વિઝન હોય, અર્થતંત્રમાં સુધારો હોય, દેશના ૧૩૦ કરોડથી વધુ નાગરિકોના જીવન ઉત્થાનનો સંકલ્પ હોય, કોરોના મેનેજમેન્ટ હોય કે પછી આંતરિક કે બાહ્ય સુરક્ષાનો મામલો હોય. આ તમામ વિષયોમાં માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં ભારતે જે સંકલ્પ બોધ, જવાબદેહી અને ક્રિયાન્વયન દેખાડ્યું છે, તે ભારતને વિશ્વની અગ્રણીઓની પંક્તિમાં પ્રતિષ્ઠિત કરે છે. આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપણી સભ્યતા, સંસ્કૃતિ અને આધ્યાત્મિકતાની સંસ્કૃતિને પુનઃસ્થાપિત કરી છે. બાબા કેદારનાથ ધામની તેમની મુલાકાત તેનું જીવંત ઉદાહરણ છે. વર્ષો પછી, ભારતની યોગ અને આયુર્વેદ પદ્ધતિને લોકોએ સ્વીકારી છે. આપણા વડાપ્રધાનના અથાક પ્રયાસોને કારણે જ આ શક્ય બન્યું છે.

ભારતના ૧૩૦ કરોડ નાગરિકોના ભવિષ્યને ઘડવા માટે, દેશના ગરીબોના જીવનમાં પ્રગતિ થાય, સમૃદ્ધિ અને આનંદ લાવવા અને દેશના યુવા, પછાત અને મહિલાઓના સન્માન અને પ્રગતિ માટે તક પૂરી પાડવી માટે, ભાજપની રાષ્ટ્રીય કાર્ય સમિતિ આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં સખત મહેનતની પરાકાષ્ઠાને અટકવા દેશે નહીં. અને ભારત 'ચરૈવેતિ - ચરૈવેતિ'ના સિદ્ધાંત દ્વારા સફળતાનાં તમામ પગથિયાં ચડીને શ્રેષ્ઠતાના આકાશને સ્પર્શશે.



**નોટબંધી - સફળતાનાં ૫ વર્ષ**

# ડિજિટલ ઇકોનોમી તરફ પ્રયાણથી આર્થિક વિકાસ

મોદી સરકાર દ્વારા ચૂંટાયા પછી તરત જ કાળા નાણાં પર કાબૂ મેળવવાના ભાગરૂપે ‘‘સ્પેશ્યલ ઈન્વેસ્ટિગેશન ટીમ’’ની રચના કરવામાં આવી અને સરકારની પહેલેથી જ પ્રાથમિકતા રહી કે અસંગઠિત અર્થતંત્રને સંગઠિત બનાવવું તેમજ દેશની મુખ્ય ધારામાં દેશના દરેક નાગરિક જોડાય અને વિકાસનાં ફળ દેશના છેવાડાના માનવી સુધી પહોંચે તેવો આશય હતો.

કાળા નાણાં નાબૂદ કરવાના મહાભિયાન હેઠળ ૦૮ નવેમ્બર ૨૦૧૭ ના રોજ રાત્રે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા નોટબંધી લાગુ કરવામાં આવી અને રૂ.૫૦૦ અને રૂ.૧૦૦૦ ની ચલણી નોટો રદ કરવામાં આવી. નોટબંધીનો મુખ્ય આશય કાળા નાણાંની નાબૂદી ઉપરાંત અર્થતંત્રમાં ફરતી નકલી ચલણી નોટો પર લગામ લગાવવાનો, આતંકવાદ અને નક્સલવાદને પૂરું પડાતા ભંડોળ પર સર્જીકલ સ્ટ્રાઈક કરવાનો, અસંગઠિત ક્ષેત્રને સંગઠિત ક્ષેત્રમાં બદલી રોજગાર અને કરદાતાઓનો વ્યાપ વધારવાનો, સરકારના ડિજિટલ ઈન્ડિયાની ઝુંબેશને આગળ વધારવાનો હતો.

આજે પાંચ વર્ષ પછી વર્ષ ૨૦૨૧ માં આપણે જયારે નોટબંધીના પગલાંના પરિણામો પર નજર કરીએ તો ચોક્કસથી જોઈ શકીએ કે જે આશયથી નોટબંધી કરવામાં આવી હતી તેમાં મોદી સરકારને મહદ્અંશે સફળતા મળી છે અને તેના દુરોગામી પરિણામો આવનારા સમયમાં પણ દેશને મળતા રહેશે અને દેશ આર્થિક ક્ષેત્રે વિશ્વમાં મહાસત્તા બનશે તેમાં પણ નોટબંધીનો ખૂબ મોટો ફાળો છે. નોટબંધીથી દેશને આર્થિક અને સામાજિક ક્ષેત્રે થયેલા ફાયદાઓનું વિશ્લેષણ કરીએ અને જાણીએ કે ૫ વર્ષ પછી દેશને થયેલા લાભો.

કાળું નાણું નાબૂદ કરવાના ભાગરૂપે સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ વિવિધ યોજનાઓ જેવી કે ઈંક્ષ્મ ડેકલેરેશન સ્કીમ, પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અને નોટબંધીને પરિણામે લગભગ ૮૯,૯૨૦ કરોડ જેટલું કાળું નાણું પકડી પાડવામાં આવ્યું. નોટબંધી અંતર્ગત જમા કરવામાં આવેલી રકમ પર ચીફ વિજિલન્સ કમિશન દ્વારા ચાંપતી નજર રાખવામાં આવી અને જરૂરી લોકોને નોટિસ મોકલી જવાબ માગવામાં આવ્યો. નોટબંધીના કારણે જાહેર ના કરેલી હોય તેવી રૂ.૧,૩૦,૦૦૦ કરોડની આવક કરના દાયરામાં આવી તેમજ વિવિધ પગલાંઓના કારણે ૫૦,૦૦૦ કરોડ જેટલી મિલ્કતોને જપ્ત કરી લેવામાં આવી. બેનામી મિલ્કતો અને વિદેશી મિલ્કતો પણ જપ્ત કરવામાં આવી. ૩.૩૮ લાખ જેટલી ભૂતિયા કંપનીઓને શોધીને તેમની નોંધણી રદ્દ કરી દેવામાં આવી અને બેંક એકાઉન્ટ ફ્રીઝ કરી દેવામાં આવ્યા તેમજ લગભગ ૩ લાખ ડિરેક્ટરોને ગેરલાયક ઠેરવવામાં આવ્યા.

નકલી ચલણી નોટોની વાત કરીએ તો દેશના દુશ્મનો દ્વારા દેશના અર્થતંત્રને ડામાડોળ કરવા દેશમાં આવી નોટો અલગ અલગ રીતે ઘુસાડવામાં આવતી હતી જેનાથી દેશને મોંઘવારી અને આતંકવાદ જેવી પરિસ્થિતિઓનો સામનો કરવો પડતો હતો. દેશમાં મોટી ચલણી નોટો વધુ હોવાને કારણે નકલી નોટો ઝડપથી અને સરળતાથી અર્થવ્યવસ્થામાં દાખલ થઈ જતી હતી. આર.બી.આઈ.ના ડેટા અનુસાર જાલી ચલણી નોટોની સંખ્યા વર્ષ ૨૦૧૬ ૧૭ ના ૪૩.૪૭ કરોડ થી ૮૧% ઘટીને વર્ષ ૨૦૧૮-૧૯ માં ૮.૨૪ કરોડ પકડાઈ. એક રિપોર્ટ અનુસાર નોટબંધી પહેલા રૂ.૫૦૦ અને રૂ.૧૦૦૦ ની ૮૬% નોટો ચલણમાં હતી. હાલમાં માત્ર ૧૮% જેટલી રૂ.૨૦૦૦ ની નોટો ચલણમાં છે. રૂ.૫૦૦ ની ૫૦-૫૫% જયારે રૂ.૨૦૦ ની ૧૪-૧૫% છે. આ મોટા આંકડાની નોટોનું ચલણ ઘટવાથી નકલી નોટોનું ચલણ પણ ઘટ્યું.

આતંકવાદ અને નક્સલવાદની વાત કરીએ તો નકલી નોટો અને મોટી ચલણી નોટોની નાબૂદીના કારણે દેશના દુશ્મનો દ્વારા આ અપકૃત્યો કરવા માટે અને દેશના યુવાનોને ગેરમાર્ગે દોરવા માટે વપરાતું ભંડોળ બંધ થઈ ગયું જેને પરિણામે આતંકવાદી પ્રવૃત્તિઓમાં ઘટાડો થયો અને દેશનું યુવાધન દેશના વિકાસમાં સહભાગી થયું. ૪૪ જેટલા જિલ્લાઓને નક્સલવાદની ચુંગાલમાંથી મુક્ત કરાવી લેવામાં આવ્યા. કેટલાક માઓવાદીઓની આતંકને ભંડોળ પૂરું પાડવાના કારણથી ધરપકડ કરવામાં આવી.

નોટબંધીના કારણે અસંગઠિત અર્થવ્યવસ્થાને સંગઠિત



● પ્રેરક શાહ


બનાવી સરકારે દેશનો કરવ્યાપ વધ્યો જેના લીધે સરકાર નીચે મુજબના વિવિધ લાભો દેશની સામાન્ય જનતાને આપી શકી. આવકવેરામાં કરમર્યાદા વધારી, ૫ લાખ સુધીની કરપાત્ર આવક પાર શૂન્ય ટેક્સ, પગારદારોને સ્ટાન્ડર્ડ ડિડક્શન રૂ.૫0000, મિનિમમ ઓલ્ટરનેટ ટેક્સ ૧૮.૫૦% થી ઘટાડીને ૧૫% કર્યો, આવકવેરાના લઘુતમ દર ૧૦% થી ઘટાડી ૫% કર્યાં જે આઝાદી પછી અત્યાર સુધીના સૌથી ઓછા દર છે. વેલ્થ ટેક્સ અને એન્જલ ટેક્સ નાબૂદ કર્યો. રોજગારીનું સર્જન કર્યું અને યુવાનોને પગભર અને સ્વનિર્ભર બનાવ્યા. સુકન્યા સમૃદ્ધિ યોજના, પબ્લિક પ્રોવિડન્ટ ફંડ, પ્રધાનમંત્રી વયવંદના યોજના, સિનિયર સિટીઝન સેવિંગ્સ સ્કીમમાં વ્યાજના દર રેપોરેટથી વધારે રાખ્યા. નોટબંધી પછી ૫૦ લાખ નવા કરદાતાઓ ઉમેરાયા, જે ઉત્પાદનો ઉપર અપ્રત્યક્ષ કરવેરાનો દર જૂની વ્યવસ્થામાં ૨૬.૫૦% સુધી હતો તેને જી.એસ.ટી. અંતર્ગત લાવી તેના દર ૧૮% કે તેથી ઓછા કરી દેવામાં આવ્યા જેના કારણે મોંઘવારીમાં ઘટાડો થયો. વર્ષ ૨૦૧૭-૧૮ માં સરકારની સીધા કરવેરાની આવક ૧૮% વધારે થઈ અને ૧.૦૬ કરોડ જેટલા વધારે આવકવેરા રીટર્ન ફાઈલ થયા. વર્ષ ૨૦૧૪ના ૪.૦૪ કરોડ સામે વર્ષ ૨૦૨૦ માં ૭.૩૮ કરોડ જેટલા આવકવેરાના રીટર્ન ફાઈલ થયા. લગભગ ૧ કરોડથી પણ વધારે લોકોએ પ્રોવિડન્ટ ફંડ અને એમ્પ્લોયી સ્ટેટ ઈન્ફરન્સની નોંધણી કરાવી અને ૨.૫૦ કરોડ જેટલી રોજગારીનું સર્જન થયું. નોટબંધી પહેલાના બે વર્ષમાં સીધા કરવેરાઓનું કલેક્શન ૬.૬% અને ૯% ના દરે વધ્યું હતું કે નોટબંધી પછીના બે વર્ષમાં ૧૪% અને ૨૫% ના દરે વધ્યું હતું. એક સમયે SBI નો પ્રાઈમ લેન્ડિંગ રેટ ૧૦.૨૫-૧૧.૫૦% જેટલો હતો જે અત્યારે ઘટીને ૬.૬૫-૭.૩૦% પર આવી ગયો છે જેના કારણે સામાન્ય જનતાને હોમ લોન, કાર લોનના વ્યાજદરમાં ઘટાડાનો લાભ મળ્યો. સંગઠિત અર્થવ્યવસ્થા જે ૨૦૧૩-૧૪ માં ૫૩.૯% હતી તે અત્યારે વધીને ૮૧.૨% થઈ ગઈ

ડિજિટલ ઈકોનોમીનો વ્યાપ ખૂબ મોટા પ્રમાણમાં વધ્યો અને નોટબંધીથી લોકો ડિજિટલ પેમેન્ટ્સ તરફ વળ્યાં અને તેના પરિણામે ડિજિટલ વ્યવહારોમાં વર્ષ ૨૦૧૫-૧૬ થી ૨૦૧૯ સુધીમાં કુલ અંકમાં ૩૨૬% તેમજ કિંમતમાં ૮૧% જેટલા વધારો થયો. વર્ષ ૨૦૧૬-૧૭ થી વર્ષ ૨૦૨૦-૨૧માં NACHમાં ૧૬૪.૦૬%, CTS (Cheque)માં -૨૪%, IMPsમાં ૬૧૪.૬૧%, RuPay (POS)માં ૩૦૩.૩૧%, RuPay (eCOM)માં ૧૪૬૧.૭૧%, BBPSમાં ૧૦૭૪૪ ગણો, UPIમાં ૫૯૦ ગણો અને NETCમાં ૩૩૪૩.૫૭% જેટલો વધારો જોવા મળ્યો.

સરકાર દ્વારા લેવામાં આવેલાં આ બધાં પગલાંઓ અને આર્થિક સુધારાઓને પગલે દેશની અર્થવ્યવસ્થાની ગાડી ટ્રેક પર આવી અને પુરજોશમાં દોડી પડી છે. ભારત દેશમાં હવે ડિજિટલ અર્થવ્યવસ્થા હોવાના કારણે વિદેશમાંથી જંગી માત્રામાં FDI આવી રહ્યું છે. વ્યવહારોમાં પારદર્શિતા વધી છે અને ડેટા મેળવવો સરળ બન્યો છે. દેશમાં ધીરનાર લગભગ બંધ થઈ ગયા છે અને વ્યાજદરમાં ઘટાડો થયો છે. ભ્રષ્ટાચારનો મોટો સ્રોત ચલણી નોટો હતી જેને ડિજિટાઈઝેશનથી દૂર કરવા માટે સરકારે દરેક જરૂરી પગલાંઓ ભર્યા છે અને લાગતા વળગતા કાયદાઓમાં પણ સુધારા કર્યાં છે. "જી.ડી.પી. સામે ચલણી નોટોનો દર" વર્ષ ૨૦૦૫-૦૬ થી લઈને ૨૦૧૫-૧૬ સુધી સરેરાશ ૧૨.૦૩% હતો જે નોટબંધી પછી ઘટીને સરેરાશ ૯.૬૮% થઈ ગયો.

નોટબંધીથી ડિજિટલ ઈકોનોમીનું વિસ્તરણ થયું છે. કોરોનાના બે વર્ષને બાદ કરીએ તો નોટબંધી બાદ ભારતે સતત વિકાસ જ કર્યો છે. કોરોના બાદ જે રીતે ભારતે વેગ પકડ્યો છે એની પાછળનું સૌથી મોટું કારણ નોટબંધી અને ડિજિટલાઈઝેશન જ છે. આપના દેશમાં ૮૦% ગરીબ લોકો છે જેમને સરકાર ખાવાનું પૂરું પાડી રહી છે. ૧૦૦ કરોડ લોકોનું વેક્સિનેશન સરકારે કરાવ્યું છે. તેમની પાછળ મજબૂત અર્થવ્યવસ્થા જ સૌથી મોટું કારણ છે. ખેડૂતોના ખાતામાં સીધા જ ૨૦૦૦ રૂપિયા આપવામાં આવી રહ્યા છે. જો આ રકમ તેમને રોકડ આપવામાં આવી હોત તો કદાચ તેના ૧% પણ તેમના ખાતા સુધી પહોંચી શક્યા ન હોત.

તાજેતરમાં આવેલ એક રિપોર્ટ અનુસાર ઓક્ટોબર ૨૦૨૧ માં UPI દ્વારા કરતા વ્યવહારોની સંખ્યા ૪૨૧ કરોડ અને મૂલ્ય રૂપિયા ૭.૭૧ લાખ કરોડ સુધી પહોંચી ગયું છે. છેલ્લા પાંચ વર્ષમાં ડિજિટલ વ્યવહારોમાં ૧૯ ગણો વધારો થયો છે. દેશમાં UPI દ્વારા કરાતા વ્યવહારોમાં એક વર્ષમાં ૨૮૫% જેટલો વધારો જોવા મળ્યો છે. આજે દેશનો નાનામાં નાનો વેપારી પણ ડિજિટલ વ્યવસ્થાથી રૂપિયા લેતો થઈ ગયો છે. આ નોટબંધી અને ડિજિટલાઈઝેશનનો કમાલ છે. એક રિપોર્ટ અનુસાર વર્ષ ૨૦૨૧માં અસંગઠિત ક્ષેત્રનો હિસ્સો ૨૦૧૮ના ૫૨.૪૦%થી ૧૫ થી ૨૦% જેટલો ઘટી ગયો છે કે નોટબંધીને આભારી છે.



## કનૈયાલાલ દત્ત

**મૃત્યુ : ૧૦-૧૧-૧૯૦૮**

કનૈયાલાલ દત્ત બંગાળના વતની હતા. વારીન્દ્રનાથ ઘોષ દ્વારા ચલાવવામાં આવતી 'અનુશીલન સમિતિ'ના તેઓ સભ્ય હતા. 'અલીપુર બોમ્બ કેસ'માં તેમની ધરપકડ કરવામાં આવેલી. તેમની સાથે તેમના બે સાથીદારો સત્યેન્દ્ર બોઝ અને નરેન્દ્ર ગોસ્વામીને પણ જેલમાં પૂરવામાં આવેલા. આ ષડ્યંત્રના હજુ ઘણા ક્રાંતિકારીઓ પોલીસને હાથ આવ્યા નહોતા. તેને શોધવા માટે પોલીસ રાતદિવસ એક કરી રહી હતી, પરંતુ સફળતા નહોતી મળતી. અંગ્રેજસરકારની નીતિ મુજબ પોલીસે હવે ક્રાંતિકારીઓમાંથી કોઈને ફોડવાનો પ્રયાસ કરવા માંડ્યો. એમાં એને સફળતા મળી પણ ખરી. કનૈયાલાલ દત્ત સાથે પકડાયેલા ક્રાંતિકારી નરેન્દ્ર ગોસ્વામીને જેલમાંથી મુક્ત કરવા તથા આર્થિક મદદ કરવાની લાલચ આપવામાં આવતાં તેણે ફરારી ક્રાંતિકારીઓનાં નામ-સરનામાં આપી દીધા. આ ગદ્દાર કનૈયાલાલને અંગ્રેજસરકાર કરતાં વધારે ખેંચવા માંડ્યો. એમણે મનોમન નિશ્ચય કર્યો કે સૌથી પહેલા તો આનો જ નિકાલ કરીશું. પછી અંગ્રેજસરકાર સામે બાથ ભીડીશું. સાથીદાર સત્યેન્દ્ર બોઝ સાથે મળીને એક યુક્તિ ઘડી કાઢી. બીમાર હોવાનું નાટક કરી બેઉ જેલની હોસ્પિટલમાં દાખલ થઈ ગયા. નરેન્દ્ર ગોસ્વામીને તો દેશદ્રોહ કર્યો એ સાથે જ કડક સુરક્ષાવાળા યુરોપિયન વોર્ડમાં ખસેડી દેવામાં આવ્યો હતો. જેલની હોસ્પિટલમાંથી સત્યેન્દ્રનાથે તેને એવા સમાચાર મોકલ્યા કે 'પોતાનું મન પણ હવે ક્રાંતિકારી ગતિવિધિમાંથી ઊઠી ગયું છે અને તે માફી માગવા તૈયાર છે' આ સમાચાર સાંભળી નરેન્દ્ર ગોસ્વામી તેમની સાથે ચર્ચા કરવા જેલની. હોસ્પિટલમાં આવી ચડ્યો. કનૈયાલાલ દત્ત અને સત્યેન્દ્રનાથ તૈયાર થઈને જ બેઠા હતા. ખુલ્લા વરંડામાં જ તેમને મળવાની જેલના અધિકારીઓએ ફરજ પાડી હતી. તો પણ નરેન્દ્ર ગોસ્વામી ન બચી શક્યો. એ ત્યાં આવ્યો એની બીજી જ મિનિટે એના પર ગોળી છૂટી ગઈ. ઘાયલ હાથે નરેન્દ્ર 'બચાવો' 'બચાવો'ની બૂમ પાડતાં ભાગવા માંડ્યું. કનૈયાલાલે તેનો પીછો કર્યો. અંગ્રેજ અધિકારી લિટન નરેન્દ્ર ગોસ્વામીની મદદે આવ્યો. તેણે કનૈયાલાલને પોતાની બાથમાં જકડી લીધા. પરંતુ કનૈયાલાલે એની ખોપરીમાં ગોળી મારીને બંધનમાંથી મુક્ત થઈ પાછો નરેન્દ્ર ગોસ્વામીનો પીછો કર્યો. પિસ્તોલમાં છેલ્લી જ ગોળી વધી હતી. આત્મવિશ્વાસ સાથે એ ગોળી શિકાર ઉપર છોડી દીધી. નરેન્દ્ર ગોસ્વામી ત્યાં જ ઢળી પડ્યો. કનૈયાલાલે નાસી ન છૂટતાં સામે ચાલીને ધરપકડ વહોરી લીધી. વકીલ રાખવાની પણ ના પાડી. કેસ ચાલ્યો. ફાંસીની સજા સંભળાવવામાં આવી. ફાંસી પહેલાંના દિવસોમાં એમનું વજન પંદર રતલ વધ્યું. ફાંસીની આગલી રાત્રે પણ એ એટલું ઊંઘ્યા કે સવારે જેલરે એમને ઊઠાડવા પડ્યા. આવા જ બિન્દાસ્તપણે તેઓ ફાંસીના ગાળિયે લટકી ગયા.

REGD. NO. GAMC 563/ 2021-23 VALID UP TO 31-12-2023 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO. PMG/NG/077/2021-23 VALID UP TO 31-12-2023 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON EVERY 12/13/14 & 27/28/29 THE Ev

# કેન્દ્રીય કાર્યકારિણી બેઠકની તસવીરો




**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.